# બુદ્ધિપ્રકાશ



1929



તસ્વીરકાર :-અરવિંદ શાહ

પંચાસરા
પાર્શ્વનાથ દેરાસરના
સ્તંભનું શિલ્પ
( પાટણ )

मित्तीमे सव्व भूएषु वेरं मज्झं न केणई।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.



# બુદ્ધિપ્રભા



| | | |
|---|---|---|
| ૧૦ જુલાઈ ૧૯૬૪ | વરસ ૫ : સળંગ અંક ૫૬<br>લવાજમ<br>(ભારત) રૂા. ૫–૦૦ પરદેશ રૂા. ૭–૦૦<br>છુટક નકલ **૫૦** નવા પૈસા | કાર્યાલય<br>C/o **ધનેશ એન્ડ કાં.**<br>૧૯/૨૧ પીકેટ ક્રોસલેન<br>મુંબઈ—૨ |

તંત્રી : ઈંદિરા શાહ ⊙ સહતંત્રી : ભગવાન શાહ

સંપાદક : ગુણવંત શાહ


## પ્રેમ ગીતા

**( મૂળ સંસ્કૃતમાં )**

લે : **સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી.**

મારો પ્રેમ તો
ભાઈ !
શુદ્ધ અને બુદ્ધ છે.

એ દેહને નથી જોતો; દેહના ભીતરને એ જુવે છે. અને એ ભીતરમાં ય તે, એ તો સત્ય–શિવ અને સુંદર જ જોવાનો આગ્રહ કરે છે.

મારો પ્રેમ તો
ભાઈ !
શુદ્ધ અને બુદ્ધ છે. (૨)

આત્મા એ તો મારો આરાધ્ય દેવ છે. પ્રેમથી હું એની પૂજા કરું છું. ભક્તિના દીપ એના દેહ ગભારે પેટાવું છું.

અને, મને તમે જરા એ તો કહો કે કયા દેહધારીમાં આતમા નથી હોતો ?

તો બસ, હું બધાજ જીવોને પ્રેમ કરું છું.

ત્યાં મારે કોઇ જ બંધન નથી. ન દેશનું, ન જાતિનું. (૩)

અરે ઓ પ્રેમ !

હું તે તારો કયા શબ્દોમાં આભાર માનું ?

તારી એક જ નજર મને શુભ કાર્યની પ્રેરણા દઇ જાય છે.

એ મને મારા આરાધ્ય દેવની પૂજા કરાવે છે.

મારા ગુરુની ભક્તિ કરવાનું પણ તુંજ કહે છે.

પરંતુ એથીય વધુ તો તારો ઉપકાર આ છે.

તું મને સારાય જગત સાથે અદ્વૈત સાધી આપે છે. (૬)

ઓ મારા પ્રેમ !

તારા વિના મને જગત શૂન્ય લાગે છે.

ભોગ અને ઉપભોગ તારા વિના બેસ્વાદ લાગે છે.

ત્યાગ અને વૈરાગ્ય પણ તારા વિના મને નિરસ જણાય છે.

ખરેખર ઓ પ્રેમ !

તું માનવીનો પ્રાણ છે. માનવીનું જીવન છે.

—ગુણવંત શાહ
ભાવાનવાદક.

## ચિંતન કણિકા

ઇશ્વર એ તો પ્રારબ્ધ અને પુરુષાર્થ વચ્ચેનો દલાલ છે.

*

સ્ત્રીની જિંદગી એ સમર્પણની મૂંગી કથા છે ને સંઘર્ષનું સંગ્રામ ગીત.

*

બાળકને દૂધ નહિ આપો તો પણ તે નિરાંતે સૂઇ જશે; પરંતુ માનું જો તેને મીઠું ચુંબન નહિ મળે તો એ રડી રડીને મરી જશે.

આથી જ તો કહું છું:—

બાળકના દૂધની નહિ; પહેલાં તેની માની ચિંતા કરો.

*

રાત એ તો સંધ્યાનું શોકગીત છે, જ્યારે તેજલતારો રાતનું આશા ગીત !

*

એના અને મારા વચ્ચે આટલો જ તફાવત છે.

એને તાજા ને સુગંધી ફુલ પસંદ છે જ્યારે મને તીક્ષ્ણ ને રૂક્ષ કાંટા પર પ્યાર છે.

ટુંકમાં કહું તો એને માદક અને મુલાયમ ગંધનું ઘેન પસંદ છે જ્યારે મને કંટક વેદનાની જાગૃતિ.

*

અજબ છે તારી માયા ઓ આંખ !

તું કોઈની આરતી યે ઉતારે છે અને એ જ તું કોઈ પર ક્યારે અંગારા પણ વરસાવી દે છે.

*

પ્રણય ને પ્રેમ વચ્ચે આટલો જ તફાવત છે.

પહેલામાં પાવડરનું દૂધ છે જ્યારે બીજામાં માનું ધાવણ.

—ગુણવંત શાહ

# સંપાદકીય.

ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક પ્રસંગે અમોએ ઇનામી હરીફાઈની જાહેરાત કરી હતી. જૈન તેમજ જૈનેતર ભાઈબહેનોને જૈનધર્મ તરફ અભિમુખ કરવાનો અમારો એ નમ્ર પ્રયોગ હતો. આજે જ્યારે તેના પરીણામની જાહેરાત કરીએ છીએ ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે એ પ્રયોગને અમે પૂરેપૂરો ને યશસ્વી રીતે સફળ બનાવી શક્યા નથી. આ પ્રયોગ માટે અમને લેખક મિત્રોનો જે સાથ ને સહકાર, ઉત્સાહ ને ઉમંગ મળવો જોઇએ તે મળ્યો નથી. લગભગ બસો જેટલા વ્યકિતગત પત્રો લખીને અમોએ લેખક મિત્રોનો સંપર્ક સાધ્યો હતો. 'જૈન સમાજના' લોકપ્રિય એવા 'સુઘોષા' ને 'કલ્યાણ' સામયિકોમાં આ અંગેની જાહેર ખબર આપી હતી. તેમજ દહેરાસરો ઉપર પણ બબ્બેવાર પેમ્પલેટ લગાડયાં હતાં. જેઓને રૂબરૂ મળી શકાયું તેઓને રૂબરૂ મળીને પણ આ હરિફાઈમાં ભાગ લેવા આગ્રહ કર્યો હતો. પરંતુ હજારોની સંખ્યા ધરાવતા આપણા જૈન સમાજમાંથી માત્ર બાર જ હરિફોએ આ હરીફાઇમાં ભાગ લીધો છે.

આ અનુભવ માત્ર અમને જ થયો છે એવું નથી. ભૂતકાળમાં બીજાઓને પણ આવો જ અનુભવ થયાનું અમને જાણવા મળ્યું છે.

સમાજની આ સાહિત્ય ઉદાસીનતા તેમજ મા શારદા પ્રત્યેનો વૈરાગ્ય એ ખરેખર દુઃખદ છે. આજ સુધી આપણો સમાજ જે ટકયો છે તે આપણા સાહિત્યને આભારી છે. જૈનેતર લોકો આપણા ધન વૈભવ ને બાદશાહી મહોત્સવોમાંથી પ્રેરણા નથી લેતા. એ પ્રેરણા તો તેમને આપણું સાહિત્ય જ પાય છે. ગાંધીજીની રાજકીય અહિંસા લો કે નહેરુની પંચશીલની નીતિ લો તો એના મૂળ આપણા આગમ સૂત્રોમાં જોવા મળશે, આપણા તીર્થંકરોના જીવનમાંથી તે જડશે. પૂ૦ વિનોબાજીએ 'સર્વોદય' શબ્દના સંદર્ભમાં એક જગાએ કીધું છે કે—"આ મૂળ શબ્દ જૈન મહર્ષિઓનો છે." આમ જગત જ્યારે જૈન ધર્મ તરફ જાણે અજાણે ઝૂકતું જાય છે ત્યારે આપણે ને આપણા

સાહિત્ય તરફથી મોં ફેરવી લઇશું તો એક દિવસ છતે પૈસે આપણે દેવાળીયા બની જઇશું.

સાહિત્યની માંગ આજે પહેલા કદીય નહોતી તેવી વધી રહી છે. રોજ ઘણું જ પ્રકાશન થાય છે. ઘણું વંચાય પણ છે. તેમાં જુનું પણ વંચાય છે અને નવું પણ. અને સાહિત્ય કદી જુનું નથી બનતું. માત્ર ફરક એટલો જ છે કે તેની રજુઆત બદલાય છે. અને એ જરૂરી પણ છે. જમાનાના બદલાવા સાથે આપણે આપણી ક્રિયાઓ વગેરેમાં ઘણાં ફેરફાર કર્યા છે. તો પછી સાહિત્યને એ ફેરફારમાંથી શા માટે બાકાત રાખવું ?

આજે એ સમય પાકી ચૂકયો છે કે આપણે આપણા અમર સાહિત્યને નવા રૂપ રંગમાં, નવી આયોજના ને નવાં સંકલનમાં રજુ કરવું જોઇશે. જગતને વિશ્વ શાંતિનો જો આપણે સંદેશો આપવો હશે તો વિશ્વ તેની ભાષામાં સમજી શકે એ રીતે એ સંદેશો આપણે જગત સમક્ષ મૂકવો પડશે. અને એ સંદેશ-વાહકનું કામ આપણા સાહિત્યકારો જ કરી શકશે.

આપણા સમાજના નાના, મોટા, નવોદિત ને લબ્ધપ્રતિષ્ઠ તમામ લેખકોને મારો નમ્ર અનુરોધ છે કે જગત આખુંય એની ભાષામાં સમજી શકે એવી સુંદર શૈલી ને ભાષામાં, મહાવીરના સંદેશને તમારી કલમમાં વણી લો. અને જગતના ચરણે તમારી એ કલમને ધરી દો.

★

'બુદ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર
આ સરનામે કરો—

'બુદ્ધિપ્રભા'

C/o ધનેશ એન્ડ કાં.,

૧૯ / ૨૧, પીકેટ ક્રોસ લેન, સ્મોલ કોઝ કોર્ટ પાસે, મુંબઇ ૨.

લેખકોને પુરસ્કાર આપવામાં આવે છે.

# નિબંધ

## હરીફાઈનું પરીણામ.

પ્રથમ તેમજ દ્વીતિય કક્ષાના નિબંધો મળ્યાં નથી. તૃતીય કક્ષાના સાત નિબંધો મળ્યાં છે. તેમાંથી પ્રથમ ઇનામના વિજેતા છે.

**શ્રી કુમારપાળ વિમળભાઈ શાહ**

**( વિજાપુરવાળા )**

તેઓશ્રીએ '**જગત સંસ્કૃતિમાં ભગવાન મહાવીરનું પ્રદાન**' એ વિષય પર નિબંધ લખ્યો છે. પ્રસ્તુત નિબંધ ૨૪ એપ્રિલ ૧૯૬૪ ના બુદ્ધિપ્રભાના મહાવીર જન્મ કલ્યાણક અંકના પાન નં. ૧૦ પર પ્રગટ કર્યો છે.

*

### વાર્તા હરિફાઇ

આ માટે અમને છ હરીફો મળ્યાં છે. પરંતુ તેમાંના ચાર જણાનું લખાણ ન તો વાર્તાનું છે કે ન તો નિબંધનું. વાર્તાની કક્ષામાં મૂકી શકાય તેવી માત્ર બે જ વાર્તા અમને મળી છે. હરિફાઇ માટે વાર્તાની પૂરતી સંખ્યા નહિ મળવાથી આ હરિફાઈ અમારે રદ કરવી પડી છે. જે બે વાર્તાઓ મળી છે તેના લેખકો છે **શ્રી બાપુલાલ કાલીદાસ સંઘાણી** (વીરબાલ) અને **શ્રીયુત બી. ટી. ઓઝા.**

બુદ્ધિપ્રભાના મહાવીર જન્મકલ્યાણક અંકમાં તેઓની વાર્તા અનુક્રમે **પ્રભુદર્શન** (પાન નં. ૭૪) તેમ જ **અભયમૂર્તિ ભગવાન મહાવીર** (પાન નં. ૮૫) પર પ્રગટ કરવામાં આવી છે.

પરીક્ષકો,

**ભગવાન શાહ**
(સહતંત્રી)

**ગુણવંત શાહ**
(સંપાદક)

# સમાજ, યોગ ને અધ્યાત્મને સ્પર્શતા ગુરુદેવના પત્રો

વસો.

સુશ્રાવક,

યોગ્ય ધર્મલાભ.

તમારો પત્ર પહોંચ્યો. વિ. **જૈન** ગુરુકુળ સ્થાપવામાં આવે તો જૈનોનો ઉદય થાય. તેની યોજના પણ ઘડવામાં આવે અને તે યોગ્ય પુરુષોદ્વારા ચલાવવામાં આવે એમ વિચાર કરું છું.

હાલ હું વિહારમાં છું. આર્યસમાજીઓ વગેરે પોતાના ધર્મની ઉન્નતિ માટે બહુ પ્રયાસ કરે છે. જૈનોમાં હાલ સંકુચિત દૃષ્ટિ અને વોરાના નાડાની જેવી ધર્મકાર્ય પ્રવૃત્તિ પ્રાયઃ જોવામાં આવે છે.

**વોરો રાંડે અને વાણીઓ વરઘોડે એ કહેવત પ્રમાણે, જૈનો હાલ બાહર ધામધુમમાં લાખો રૂપિયા ખર્ચી નાંખે છે.**

જે સત્ય છે તે સત્યનો પ્રકાશ કરવા માટે ભાગવતી દીક્ષા લીધી છે. સદ્વિચારોનાં બીજ વાવીશું અને તે ગમે ત્યારે પણ અંકુરો પ્રગટાવશે.

**જૈન**ધર્મની સેવા કરવી એ જ અમારી જિંદગીનો મૂળ સિદ્ધાંત છે, જે મનુષ્ય દુનિયાના સર્વ ધર્મવાળાઓની ચળવળ જાણતે

નથી તે પ્રાયઃ પોતાના ધર્મની ઉન્નતિ કઈ દિશાએ કરવી તે જાણતો નથી.

સુરતમાં તડાં પડયાં તે બાબતમાં લખવાનું કે તેમાં જૈનોનું શ્રેયઃ જરાય જણાતું નથી. અને હું તો તે બાબત પ્રત્યે લક્ષ નહિ આપતાં, મારા કાર્યની દિશા સામું જોઈને ધર્મ પ્રવૃત્તિ કર્યા કરું છું.

એક દિવસ એવો આવશે કે મૂર્ખાઓની અંધશ્રદ્ધાવડે વિદ્વાનોને ઘણું લાગી આવશે.

ગુરુકુળ માટે ગામોગામ સારા વિચારો ફેલાવું પશ્ચાત્ એ કાર્યને ગમે તે ઉપાડી લે. સદ્ વિચારોનો ફેલાવો કરવો એ અમારી ફરજ છે. પશ્ચાત્ જે દેશમાં શૂરા જૈનો હશે તે દેશમાં ગુરુકુળ સ્થાપવાનો વિચાર તેઓ અમલમાં મૂકશે. કોઈ પુણ્યશાળી જ આ કાર્ય પાર પાડી શકે તેમ છે. હાલનો સમય આ માટે અનુકૂળ જણાતો નથી.

આ માટે એકદમ ઉતાવળ કરવામાં આવશે નહિ કારણ કે શુભ સંયોગોની અપેક્ષા રાખવી ઘટે છે. અને યોગ્ય જૈનો ગુરુકુળનું કાર્ય ઉપાડી લે તેવા પાકશે ત્યારે તેઓ આ વિચારને અમલમાં મૂકશે. શૂરવીર જૈનો જ આ કાર્યને ઉપાડી લેશે. ધર્મ સાધન કરશો.

એજ લિ. બુદ્ધિસાગર



# અનાથ કન્યા

મામા વરેરકર

સમાજ કથા.

[ લાગણીના પૂરને કયો સંસારી જીવ રોકી શકયો છે? એક અનાથ બાળકીની લાગણીમાં તણાતા મામાની ભાણેજની અંતર વલોવી નાંખતી એક કરુણ કથા.

—સંપાદક. ]

વાત ૨૫ વર્ષ જૂની છે. ત્યારે હું રેડિયો ઉપર બાળકોના કાર્યક્રમ આપતો હતો. કાર્યક્રમ સાંભળનારા બાળકોમાંથી કેટલાંક મને પત્રો લખતાં અને હું તેના જવાબ આપતો હતો.

પણ તે દિવસે જે પત્ર આવ્યો એ અજબ હતો. એ પત્ર એક છોકરીએ લખ્યો હતો. અને તેના ઉપર અનાથાશ્રમનું સરનામું હતું.

પત્રમાં લખ્યું હતું:—"હું અહીં રહું છું. મારે મા—બાપ નથી. સગા સંબંધી કોઈ નથી. લોકો કહે છે તે, આપ બધાના મામા છો. શું તમે મારા પણ મામા બની શકો છો? આપની ભાણેજી." વિશેષ લખ્યું હતું કે "આપ મને મળવાની કૃપા કરશો. શું મારા મામાનાં મને દર્શન થઇ શકશે!?"

બીજે જ દિવસે હું એ અનાથ-આશ્રમમાં ગયો. મેટ્રન એ છોકરીને બોલાવી લાવી. અને જ્યારે તેણે તેને મારો પરિચય આપ્યો કે આ તારા મામા છે ત્યારે તે રડી પડી. અને જ્યારે હું તેનાં આંસુ લૂછવા લાગ્યો ત્યારે તે જોરથી રડવા લાગી. દસ બાર વર્ષની છોકરી હશે. કેટલી સુન્દર! જ્યારે તે પાંચ-૭ વર્ષની હતી ત્યારે તેને કોઇ આશ્રમમાં મૂકી આવ્યું હતું. ત્યારબાદ કોઇએ તેની ખબર લીધી ન હતી.

મોડા સુધી તેની સાથે વાત કર્યા પછી હું તેને હસાવી શકયો. અને જ્યારે તે હસી ત્યારે હીરા જેવા ચમકતા દાંતમાંથી જાણે મોહિની વરસી રહી. તેના જમણા ગાલ ઉપર પાવલી જેવું કાળું લાખું હતું કદાચ નજર લાગવાના ભયથી ખુદ બ્રહ્માએ એ કાળું નિશાન કર્યું હશે.

મમત્વ દિવસે દિવસે ગાઢ થતું ગયું. મારી આ ભાણેજી મારા હૃદયમાં પ્રેમનો અધિકાર પામવા લાગી.

એકાદ બે અઠવાડિયે હું તેને મળવા જતો. તેના માટે કોઈ વાર પુસ્તક લઈ જતો તો કોઈ વાર મીઠાઈ

લઈ જતો. મને દેખતાં જ તે મામા આવ્યા! મામા આવ્યા! બોલવા મંડી પડતી અને ખુશ ખુશ થતી. મેટ્રન પાસેથી જાણવા મળ્યું કે બધાં બાળકોથી અલગ ઉદાસીન જ બેસનારી આ છોકરી હવે હસવા રમવા લાગી છે.

એક વર્ષ વીતી ગયું. અમારા મળવાની મર્યાદા પણ વધતી ગઇ. એક વાર તો બે મહિને તેને મળવા ગયો. ત્યારે મેટ્રને કહ્યું કે કોઈ ધનવાન માણસ તેને પોતાની બેટી બનાવીને લઈ ગયો. જતી વખતે તેણે પોતાના મામાને મળવાની ઇચ્છા બતાવી હતી. પણ મામાનું ઠામ ઠેકાણું જાણતી ન હોવાથી મામા આવે તો તેમને મારે ઘેર જરૂર મોકલશો. એમ કહી ગઈ છે. 'મારા ઘેર' શબ્દ સાંભળી 'મારા મનને શાન્તિ મળી.' મારૂં ઘર કહેવાની પ્યાસ તૃપ્ત કરવા તે જન્મથી જ મજબૂર હતી!

મેટ્રન પાસેથી સરનામું લઈ હું તેના ઘેર પહોંચ્યો. પણ તેના પિતાએ એ સ્થાન બદલી નાખ્યું હતું. પાડોશીઓએ એટલું જ કહ્યું કે, કદાચ તેઓ નાગપુર ગયા હોય કે કલકત્તા, પણ કોઈ સરનામું જાણતા નથી.

એ પ્રમાણે જીવનમાં અચાનક આવેલી વાત એકાએક ચાલી ગઇ.

આઠ દસ વર્ષ એમ ને એમ વીતી ગયાં. મને કદિ કદિ તેની યાદ આવતી. મને થતું કે છોકરી મોટી થઈ મારૂં સરનામું અવશ્ય મેળવશે. એ આશા સફળ ન થતાં મેં માની લીધું કે તે જરૂર પોતાના સુખી જીવનમાં મને ભૂલી ગઈ છે.

કેટલાક દિવસો પછી નાગપુરના એક વિદ્યાલયમાં હું વ્યાખ્યાન આપવા ગયો હતો. 'વંદેમાતરમ્' ગીત સમાપ્ત થતાં એક છોકરી આવી અને મારા પગમાં માંથું ઝુકાવી દીધું. તેનાં આંસુઓથી મારા પગ પીગળી ગયા. "મનુ જ છે ને તું?" તેણે ગર્દન હલાવી હા કહ્યું. અમે બહાર આવ્યા તો એક સુંદર કાર સામે ખડી હતી. મનુએ મને અંદર બેસાડયો અને પોતે મારી પાસે બેઠી.

હું તેના ઘેર ગયો. તેનાં નવાં મા–બાપને મળ્યો. મેં મનુને પૂછ્યું: "મનુ, હવે તો તું મોટી થઈ અને કોલેજમાં જાય છે. છતાં તેં એ લાઇનો પણ ન લખી. હું નામવિહીન તો ન હતો ને?

તેની આંખો આંસુથી ભરાઈ આવી. તેના પિતાજીએ જવાબ આપ્યો "ક્ષમા કરશો, એ માટે હું દોષી છું. એ તો હંમેશા કહ્યા કરતી કે ના હોય તો રેડિયાના સરનામે પત્ર લખો પણ મેં તેને ન લખવા દીધો અમારૂં માનવું હતું કે તેનો ભુતકાળ કોઈ

રીતે પ્રત્યક્ષ ન થવો જોઇએ. હું ફરી આપની માફી માગું છું."

તેના મા-બાપ બધાને એમજ કહેતાં કે તે પોતાની જ છોકરી છે. કોલેજમાં પણ તે પ્રથમ આવતી હતી. એ વખતે તે બી. એ. ની પરીક્ષામાં બેસવાની હતી. વિદાય થતાં તેના પિતાએ મને સોગંદ લેવડાવ્યા કે હું તેનો પૂર્વ ઇતિહાસ કોઈ પણ રીતે પ્રકટ થવા નહિ દઉં.

ત્યાર પછી પાંચ મહિના બાદ એકાએક નિમંત્રણ મળ્યું. એક સારા ઘરના એન્જીનીયર યુવક સાથે તેનું લગ્ન થવાનું હતું. લગ્ન પ્રસંગે મેં તેને એક પુસ્તક ભેટ મોકલ્યું હતું.

એકાદ વર્ષ પછી તેના પિતાનું અવસાન થયું, અને તેના થોડા દિવસો પછી તેની માતાનું મૃત્યું થયું. વારસાનામું ન હોવાને કારણે તેઓની બધી સંપત્તિ તેમના કોઈ ભત્રીજાને મળી. આ બનાવના એક મહિના પછી મનુનો પત્ર આવ્યો કે, 'જલ્દી આવો.' પત્ર ના ઉપર તેનાં આંસુઓના નિશાન હતાં. મારૂં હૃદય કંપી ઉઠ્યું.

તરતજ કલકત્તા જવા માટે રવાના થયો. ત્યાં તેના પતિની ફર્મ હતી. હું 'મહારાષ્ટ્ર મંડળ' માં ઉતારા માટે ગયો તો આશ્ચર્યચકિત બની ગયો. મનુ પણ ત્યાંજ હતી. મને જોતાંજ તેના મોં ઉપરનું તેજ ઉડી ગયું. રડવાને રોકવાનો તે પ્રયત્ન કરતી હતી. હું તેને મારા રૂમમાં લઇ ગયો. ત્યાં તે પોતાના અશ્રુઓની સરિતાને રોકી ન શકી. રડતાં રડતાં જ તેણે કહ્યું કે, "મને ઘરમાંથી કાઢી મૂકી છે!!"

"તારા પતિએ?"

તેણે ગરદન હલાવી હા કહ્યું. પછી આખી વાત કહી સંભળાવી.

'એક વાર મારાં સાસુ અને અનાથાશ્રમનાં મેટ્રન બન્ને એકાએક મળી ગયાં. બંનેનો જૂનો પરિચય હતો. વાત વાતમાં રહસ્ય ઉઘાડું થઇ ગયું. આશ્રમની છોકરી છે, એ વાત જાણતાં હું બધાની કોપભાજન બની. પ્રાણથી અધિક પ્રેમ કરનાર પતિ પણ અળગા થઈ ગયા. અને જ્યારે મને ઠુકરાવી દીધી ત્યારે હું દરેકનાં પગમાં પડી એના ઘેરથી ચાલી નીકળી છું. પહેલાના જેવી અનાથ બની ગઈ છું. જરૂર પડી, મામાને યાદ કર્યા. હવે શું થશે?'

'હવે શું થશે? કેવો પ્રશ્ન કરે છે. તારા પિતાની સંપત્તિ ભલે બીજા કોઇને મળી હોય, પણ તેમણે તને ભણાવી તો છે ને? તું ભૂખી નહિ રહે. મુંબઇમાં બધાને માટે રોજી છે. તને પણ નોકરી મળી જશે. ચાલ મારી સાથે.'

ઘેરથી તે ખાલી હાથે નીકળી હતી. કોઈએ એમ પણ પૂછયું નહિ કે 'કયાં રહીશ ?'

મારી પાસે બન્નેની ટિકિટના પૈસા હતા. નહિ તો કયાંય હાથ લાંબો કરવો પડત.

કદાચ તેની કથની સંભળાવવાનો વખત આવત. એની ઇચ્છા હતી કે કલકત્તામાં તો તેની વાત ઉઘાડી ન પડવી જોઇએ. કેમકે ત્યાંના સમાજમાં તેની સારી પ્રતિષ્ઠા હતી. સભા સમારંભોમાં જતી અને ઉત્સવ માટેનાં ફંડમાં સારી રકમ મળ તીહતી.

એજ દિવસે અમે બન્ને ચાલી નીકળ્યાં. રાતની ગાડીમાં તેને ધાડ ઉંઘ આવી, એથી મને સંતોષ થયો. મારા પહોંચ્યા પહેલાં કેવી બાવરી હતી. કલકત્તા છોડયા પછી તેના મનનો કેટલોય ભાર હલકો થઈ ગયો હતો.

સવારના ચક્રધરપુર સ્ટેશને અમારા ડબ્બાના બધા મુસાફરો ઉતરી ગયા. અમે બન્ને જ રહ્યાં. જ્યારે અમારી બંનેની વાત થઇ રહી હતી ત્યારે એક વૃદ્ધ બાઇ અમારા ડબ્બામાં ચડી. અને સામેની બેંચ ઉપર બેસી ગઇ.

તેણે જેવું મનુ સામે જોયું કે તરત ચોંકી ઉઠી હોય, એમ મને લાગ્યું ને એકીટશે મનુ સામે જોઈ રહી હતી. તેની વેશભૂષા એક વિધવા મહારાષ્ટ્રીયન જેવી હતી. તેણે એકાએક મોં ફેરવી લીધું અને સાડીના છેડાથી પોતાની આંખનાં આંસુ લુચ્યાં અને જણાયું કે, તે રડવાના આવેગને રોકવાનો પ્રયત્ન કરી રહી હતી.

તે તેની જગાએથી ઉઠી અને મનુ પાસે આવી બેસી ગઇ. પોતાના ભાવાવેશને દબાવતાં તેણે મનુને પૂછયું, 'તારૂં નામ શું બેટી ? તારા પિતાજીનું શું નામ ?'

મને ઠીક ન લાગ્યું. મનુને વ્યાકુળ જોતાં મેં જ ઉત્તર આપ્યો કે 'તમે કોણ છો ?'

તેણે કોઈ જવાબ ન આપ્યો મનુના ગાલ ઉપરના નિશાનને તે જોઇ રહી અને પૂછયું કે, આ કોઈ નિશાન તો નથી જણાતું, જન્મની ખોડ લાગે છે. મેં હા કહી અને તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં, આંસુઓને લૂછતાં તે બોલી "જરા બાથરૂમમાં આવીશ બેટી ?"

આવો અજબ પ્રશ્ન સાંભળી મનુ

વધારે ગભરાઇ ગઇ. મને પણ તેનો વ્યવહાર વિચિત્ર જણાયો. મેં તેને કહ્યું "કેવી વિચિત્ર વાત કરો છો? કોઈ પરિચય વિના બાથરૂમમાં લઈ જવાનું કેમ કહો છો? હું સ્પષ્ટ કહું છું તેના શરીર ઉપર રતીભર સોનું નથી."

વાકય પુરું થાય એ પહેલાં તો બોલી, "માફ કરજો, આવું બીજું નિશાન તેના શરીર ઉપર છે કે નહિ એ જોવા હું માંગતી હતી. આવું નિશાન..." કહેતાં કહેતાં તે રોઇ પડી. તેના હૃદયમાં ભારે ઉથલ પાથલ થઇ રહી હતી. "બાથરૂમમાં જવાની જરૂર નથી," મનુએ કહ્યું, "મારી પીઠની નીચે ડાબી બાજુ આવું જ એક રૂપિયા બરાબર નિશાન છે." તેણે રાંક અવાજમાં પૂછ્યું, "શું તું મુંબઇના ગુરૂદેવ આશ્રમમાં હતી?"

મનુને વ્યાકુળ જોઈ મેં હા કહ્યું.

તે ઉઠી અને મનુને પોતાની છાતી સાથે દબાવી રડવા લાગી. તે બોલી રહી હતી. "મારી બેટી! મારી બેટી!!"

અચાનક મનુને મા મળી. તે બંનેના મોં મળતાં આવતાં હતાં, એ મેં પહેલેથી જોઈ લીધું હતું. મોટો મર્મદ્રાવક પ્રસંગ હતો. મનુએ માતાની ભુજાઓમાં પોતાને નિશ્ચિંત, નિર્વિઘ્ન સમજી શરીરનું ચેતન પણ ગુમાવી દીધું હતું. દુર્ભાગ્યનાં કેટલાં તોફાનો એ ભિખારીએ સહન કર્યાં હતાં. અનાથ આશ્રમમાં તેનું પોષણ થયું પણ સુખ વૈભવસંપન્ન ઘરમાં તે મોટી થઈ. ઊંચા ઘરમાં વહુ બનીને આવી. પછી એક તરફ મા-બાપ મરી ગયાં, બીજી તરફ સાસરૂં છૂટી ગયું... પતિની હયાતીમાં વિધવા બની. તેની માતાનો જુનો ઇતિહાસ મને પછી જાણવા મળ્યો. પણ તેને પ્રગટ ન કરવાનાં મને સોગંદ લેવડાવ્યા હતા.

એ બંને નાગપુર ઉતરી ગયાં. બંને મારા પગમાં ઝૂકી ગયાં. "મારા મામાએ મને મા અપાવી. શરૂથી જ." મેં તેના મોં ઉપર હાથ દબાવતાં કહ્યું, 'મનુ એ વાત છોડ. હવે તું તારી મા સાથે ઘેર જા. આનંદથી રહેજે. મામાને ભૂલીશ નહિ.'

મનુ ડૂસકાં લેતી લેતી બોલીઃ 'મામા ભૂલી ન જતા.'

હું પણ રડવા લાગ્યો. ગળું ભરાઈ આવ્યું. વાત ન કરી શકયો. ગાડી ચાલવા લાગી. તે મા દીકરી બંને આંખો લૂછતી, હાથ ઊંચો કરી મને દૂરથી સંકેત કરતી હતી.

નીનુ મજૂમદાર

# એક હતો ચકો અને બીજી હતી....

( બાળકથા )

**[ જુની કથાને નવા સ્વાંગ ને શૈલીમાં રજુ કરતી જેટલી આ બાળવાર્તા છે તેટલી જ મોટેરાંઓ માટે બોધકથા પણ છે. નાના મોટા સૌ આ વાર્તા વાંચે. —સંપાદક ]**

એક હતો ચકલો ને એક હતી ચકલી.

ચકલી લાવી ચોખાનો દાણો ને ચકલો લાવ્યો ચણો.

ચકલી કહે, "તમે ચણો કેમ લાવ્યા ?"

ચકલો કહે, 'ખીચડી કરવા.'

ચકલી કહે, 'ચણા ને ચોખાની તે કાંઇ ખીચડી થતી હશે ?'

'ચકલો કહે, "કેમ ન થાય ? કરીએ તો બધુંય થાય."

ચકલી કહે, 'પણ એ લાગે કેવી ?'

ચકલો કહે, 'એ તો કરી જોઇએ તો ખબર પડે. દર વખતે દાળનો દાણો લાવીને એકની એક જાતની ખીચડી ખાઈ કંટાળી ગયો છું એટલે ચણો લાવ્યો છું. તું વધારે ચકચક કર્યા વિના ખીચડી મૂકીને પાણી ભરવા જતી રહે તો સારું."

ચકલીએ તો કચવાતે મને ખીચડી મૂકી અને પછી રાબેતા મુજબ પાણી ભરવા ગઈ. ખીચડી તૈયાર થઈ ગઇ એટલે ચકલો ખાઈ ગયો અને પછી આંખે પાટા બાંધી સૂઈ ગયો. ચકલી પાણી ભરીને આવી ત્યારે જોયું કે ખીચડી ખલાસ! એ તો ગઇ સીધી રાજાજી પાસે.

"રાજાજી ! રાજાજી ! તમારો કાળો કૂતરો મારી ખીચડી ખાઈ ગયો છે." ચકલીએ ફરીયાદ કરી.

રાજાજી કહે, "તને કેમ ખબર પડી કે મારો કાળો કૂતરો તારી ખીચડી ખાઇ ગયો છે ? તેં એને જોયો હતો ?"

ચકલી કહે, 'ના હું તો પાણી ભરવા ગઇ હતી પણ તમારા કાળા કૂતરા સિવાય બીજું કોણ ખાઈ જાય ?'

રાજાજી કહે. 'તારી આટલી ખાત્રી જ છે તો સાંભળ કે મારી પાસે કાળો કૂતરો જ નથી.'

ચકલી કહે, 'તો બીજા કોઇ રંગનો કૂતરો ખાઈ ગયો હશે !'

રાજાજી કહે, 'આ હા ! ચકલી બાઇ, આ વખતે હું તમારે માટે તૈયાર જ બેઠો છું. મારા કોઈ પણ કૂતરા પર તમે આળ ચઢાવી શકશો જ નહિ કારણ કે મારી પાસે કોઈ પણ રંગનો એકકે કૂતરો જ નથી.'

ચકલીને વહેમ આવ્યો કે ત્યારે રાજાજી પોતે જ ખીચડી નહિ ખાઇ ગયા હોય ! પરંતુ એ વાત એ મોટેથી બોલી શકી નહિ. રાજાજી એના મનની વાત પામી જઇને બોલ્યા:

'અને મેં પણ તારી ખીચડી ખાધી નથી. એક ચોખા અને એક દાળના દાણાની ખીચડીથી મારૂં પેટ ન ભરાય.'

ચકલી કહે, 'દાળનો દાણો નહિ, ચણો.'

રાજાજી કહે, 'એ શું ઘેલું ઘેલું બોલે છે?'

ચકલી કહે, 'ખીચડી ચોખાના દાણા અને ચણાની હતી.'

રાજાજી કહે, 'એવી તે ખીચડી હોય?'

ચકલી કહે, હું 'પણ એ જ કહેતી હતી પણ ચકલો કહે કે દાળચોખાની ખીચડી ખાઈ ખાઇ કંટાળી ગયો હતો એટલે એ ચણો લઈ આવ્યો.'

રાજાજી કહે, 'હં, હવે ચોર પકડાઇ ગયો છે. પોતાને મોઢે જ કહ્યું કે દાળચોખાની ખીચડી ખાઈ ખાઈ કંટાળી ગયો છું એટલે પહેલાં પણ એ જ ખાઇ જતો હતો અને હવે પણ એણે જ ખાધી છે. અરે! કોઈ હાજર છે કે? પેલા ઢોંગી ચકલાને અહીં લઇ આવો.'

સિપાઇઓ ચકલાને ઉપાડી લાવ્યા.

રાજાજી પૂછે, 'કેમ રે અલ્યા ચકલા! ખીચડી તું ખાઇ ગયો છે ને?'

ચકલો ઊંઘમાથી ઊઠીને મૂઢ થઇ ઊભો હતો. તેને ચિંતાતુર થઈ ચેતવણી આપવા ચકલીએ ઇશારા કર્યા પણ ચકલાની આંખે તો પાટા હતા એટલે એ કાંઇ જોઇ શકતો ન હતો; એટલે ચકલી ચકચક કરી ઉઠી. રાજાજી એની સામે જોઇ તાડુકયા.

'ખબરદાર ચકલી! આ બાબતમાં તારે વચ્ચે બોલવાનું નથી.'

ચકલો સમજી ગયો કે વાત કોઇ પણ રીતે વંકાઈ ગઈ છે એટલે ચૂપ ઊભો રહ્યો.

રાજાજી કહે, 'એનું પેટ ફાડીને જુઓ, એણે ખીચડી ખાધી હશે તો અંદરથી નીકળશે.'

પેટ ફાટશે એ બીકે ચકલો કબૂલ કરી ઊઠયો.

'ના, ના, રાજાજી! મેં જ ખીચડી ખાધી છે.'

ચકલી કહે, 'કેવી હતી?'

ચકલો કહે, 'બહુ જ સરસ! તારા જેવું કોઈ રાંધતું નથી.'

ચકલી સરમાઇને કહે, 'જાઓ જાઓ, તમે તો અમથું મને સારૂં લગાડવા જ કહો છો.'

ચકલો કહે, 'ના, ના, મારા સમ!'

ચકલી કહે, 'હું માનું જ નહિ ને.'

ચકલો કહે, 'તું કહે એ રીતે મનાવું. કહે તો આકાશમાંથી ચાંદો તોડીને તારા પગ પાસે ધરી દઉં. કહું તો મલયાગિરીથી ચંદનનું વૃક્ષ લાવી તારે આંગણે વાવું, કહે તો—'

રાજાજી કહે, 'બસ, બસ! તમારો લવારો બંધ કરો. જાઓ સિપાઇઓ આ ધૂર્ત ચકલાને કૂવામાં નાખી દો. અને હા—જતાં પહેલાં રાણીને રસોડામાં કહી દો કે આજે મારે માટે ચોખા અને ચણાની ખીચડી રાંધે.'

સિપાઇઓ પૂછે, 'ચોખા ને દાળની કે ચોખા ને ચણાની?'

રાજાજી કહે, 'ડહાપણ નહિ જોઇએ! મેં કહ્યું કે ચોખા ને ચણાની એટલે ચોખા ને ચણાની, સમજ્યા?'

સિપાઈઓ તો નવાઈ પામીને જતા રહ્યા અને ચકલી શોક કરતી પાછળ ગઈ. રસોડામાં રાણીને રાજાજીની સૂચના આપ્યા પછી ચકલાને કૂવામાં નાંખી દીધો. ચકલી બાઈ તો કૂવાની પાળ પર બેઠાં. એટલામાં ત્યાંથી એક ગાયોનો ગોવાળ નીકળ્યો.

ચકલી બોલી, 'ગાયોના ગોવાળ ભાઈ ગાયોના ગોવાળ! મારા ચકલાને કૂવામાંથી કાઢશે તો સોનાને પાટલે બેસાડીને ખીર પુરી જમાડીશ.'

ગોવાળે ચમકીને આજુબાજુ જોયું, પણ ચકલી સિવાય કોઈ દેખાયું નહિ. એટલે કૂવા પાસે જઈ પૂછયું, 'તું હમણાં કાંઈ બોલી?'

ચકલી કહે, 'હા.'

ગોવાળ કહે, 'કમાલ છે! ચકલીઓ પણ આજકાલ બોલવા મંડી પડી છે ને! શું બોલી બેન?'

ચકલી કહે, 'ગાયોના ગોવાળ ભાઈ ગાયોના ગોવાળ! મારા ચકલાને કૂવામાંથી કાઢશે તો સોનાને પાટલે બેસાડીશ અને ખીર પૂરી જમાડીશ.'

ગોવાળ કહે, 'પણ એ કૂવામાં પડયો શી રીતે?'

ચકલીએ માંડીને બધી વાત કહી એટલે ગોવાળ ઉતાવળો જવા માંડયો.

ચકલી કહે, 'મારા ચકલાને નહિ કાઢે તો ખીર પૂરી નહિ મળે.'

ગોવાળ કહે, 'મારે ખીરપૂરી ખાવાં નથી, મારે તો ચોખા ચણાની ખીચડી ખાવી છે અને રાજાજી ખાઈ જાય તે પહેલાં એમને રસોડે પહોંચી જાઉં તો મને થોડી મળે.' કહીને એ જતો રહ્યો. ત્યાર પછી ભેંશોનો ગોવાળ, બકરીનો ગોવાળ, ઊંટનો ગોવાળ, ગધેડાનો ગોવાળ વગેરે બધા આવી ગયા, પણ બધા જ ચોખા ને ચણાની ખીચડી ખાવા રાજાજીને ત્યાં પહોંચી ગયા. સિપાઈઓને પણ કુતૂહલ થયું હતું એટલે એ બધા રસોડે ચોખા ને ચણાની ખીચડી ખાવા ટોળે મળ્યા હતા અને રાણીને નીમ હતું કે બારણે આવેલાને જમાડયા પછી જ પોતે અને રાજાએ જમવું. એટલે બધા માણસોમાં ખીચડી ખલાસ થઈ ગઈ અને ભંડારના ચોખા ને ચણા પણ ખલાસ થઈ ગયા. જ્યારે રાજાજી ખાવા આવ્યા ત્યારે એમને માટે કાંઈ જ ખાવાનું ન હતું એટલે ગુસ્સે થઈને રાજપાટ છોડી એ વનમાં તપ કરવા જતા રહ્યા.

આ બાજુ કૂવામાં ચકલાને એક બીજી ચકલી મળી ગઈ હતી. તે મગના પૂડલા સારા બનાવતી હતી એટલે એણે પાટો છોડીને એની સાથે જ સંસાર માંડયો અને કૂવામાંથી બહાર નીકળ્યો જ નહિ. પહેલી ચકલી કૂવા પરથી કંટાળીને થોડીવાર પછી ઊડી ગઈ અને આખી જિન્દગી એકલા ચોખાના દાણાના ભાત પર કાઢી ને ખાધું ને મજા કરી.

બોધઃ—કોઈની અંગત વાતમાં કોઈએ પડવું નહિ.

# ગીત માં જા પા

**સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**
**રચિત કાવ્ય સંગ્રહોમાંથી**
**સંકલિત કરેલ**
**કાવ્યોનું રસ દર્શન**
**કરાવી જતી કાવ્ય કટાર**

ઉદાસ અને મ્લાન વદને એ બેઠી છે. એની આંખોમાં શોકનાં અષાઢી વાદળો ગગડી રહ્યાં છે, ને ધીમે ધીમે, તૂટેલી માળામાંથી એક પછી એક મોતી સરે તેમ આંસુ સરી રહ્યાં છે.

ટપ્ ટપ્ ટપ્

કોઈ રાતોના જાણે ઉજાગરા હશે ! આંખ લાલ ઘુમ છે. મોં સૂજેલું છે. હોઠ ગમગીન ને મૌન છે.

બારસાખ પર એ બેઠી છે, ઘડીએ ઘડીએ એ દૂર–સુદૂર નજર નાંખે છે.

પણ હાય! એની આંખો જેને જોવા માંગે છે. એ દેખાતો નથી.
અને આંસુ દદળે જાય છે !!
એના જીવને ચેન નથી. એની આંખને આરામ નથી કારણ–
એનો પ્રીતમ હવે એને ભૂલી બજારોમાં ભટકવા લાગ્યો છે.
બસ એને એ જ ડંખ્યા કરે છે.

એ કહે છે: કોઈ! મારા પ્રીતમને લાવી દો. એના વિના મારા પ્રાણ તરફડે છે.

અને કોઈ એના પ્રીતમને લઈને પાછું ફરે છે.

પ્રીતમને જોતાં જ એની જિંદગી હરખાઈ ઊઠે છે. ઘેરાયેલાં શોકનાં વાદળ વીખરાઈ જાય છે.

એનાં રોમેરોમ ઝણઝણી ઊઠે છે. હૈયું આનંદનું ગીત ગાઇ ઊઠે છે.

*

પ્રીતમ–પ્રેયસી–પ્રેમ–અને પતનની મુલાયમ લાગણીઓના સંઘર્ષને આધ્યાત્મિક કલ્પનાના ઉડ્ડયનમાં વણી લેતું આ સોરઠી રાગનું **ભજન સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની ઉસ્તાદ કલમનો પરિચય આપી જાય છે.**

પ્રીતમ
મુજ કબહુ ન નિજઘર આવે,
પરઘર ભટકત યાચક હોકર
વેશ્યા સંગી કહાવે
　　　પ્રીતમ મુજ કબહુ ન નિજ ઘર આવે.

મોહ મદિરા વેશ્યા પાકર
નાચ વિવિધ નચાવે
ઘટ ઋદ્ધિ સહુ ફોલી ખાવે
ભ્રમણા માંહી ભુલાવે.
　　　પ્રીતમ મુજ કબહુ ન નિજ ઘર આવે.

જાઓ સખી
મુજ સ્વામી મનાવો,
રીઝી યથા ઘર આવે;
પરઘર મ્હારો દાવ ન ફાવે
કહીયું ફોગટ જાવે.
　　　પ્રીતમ મુજ કબહુ ન નિજ ઘર આવે.

લાવી
પ્રીતમ સખી વહાં જાકર
અત્યાનંદ ધરાવે
**બુદ્ધિસાગર**
સિદ્ધ સુહંકર
સેજે પતિ પધરાવે.

(પ્રીતમ=આતમા, પ્રેયસી=જિંદગી, સખી=સુબુદ્ધિ, વેશ્યા=વાસના)

**(ભજન સંગ્રહ ભા. ૧ પાન નં. ૬૫)**

હૈયે હૈયુ દળાય એવી ધૂમ ગીર્દી છે. ઉતાવળા માણસો જાણે અહીં ચાલતા નથી; દોડે છે. દોડતાં અથડાય છે. અથડાતાં એ સામા માણસ તરફ કદી ગુસ્સાની તો કદી માફીની ઘડી નજર કરી લે છે. અને ફરી રઘવાટમાં માણસ ચાલવા માંડે છે.

એવી જ કોઈ ગીર્દીમાં સૌની સાથે અથડાતી કૂટાતી, કોઈની ગાળ સાંભળતી એ ધીમે પગલે, દીન નજરે ચાલે છે.

કોઈને એના સામું જોવાની ફુરસદ નથી. જોવાની ફુરસદ છે તે ઘડી જોઈ લે છે. અને 'બિચારી' કહી ચાલવા માંડે છે, તો વળી કોક એના પર દયા ખાઈને એને બટકુ રોટલો આપે છે. તો કોઈ પૈસો બે પૈસા આપે છે.

પણ ભૂખ્યું પેટ, લઘરવઘર વાળ, બેસી ગયેલાં જડબાં, ઊંડી ઊતરી ગયેલી આંખો, સાંઠા જેવા હાથ ને પગ, ચારેય બાજુ માંદલી ને હાડપિંજર તબિયતની ચાડી ખાતાં ફાટેલ તૂટેલ કપડાં, હોઠે ઉદાસી, હૈયે મણ મણના ચિંતાના ભાર, ચાલમાંય એકીબેકી રમતી એવી એને, થોડી ફેંકેલી મદદથી શું રાહત મળે ?

અને પૈસા તો ઠીક, નથી એના પ્રત્યે કોઈને મમતા કે નથી કોઈને એના પર પ્યાર.

હર નજર એને ઘૃણાથી જુવે છે. હર શબ્દ એને તિરસ્કારથી ધુત્કારે છે.

સાચે જ કરમની કઠણાઈની એ જીવંત કઠપૂતળી છે.

તમારે જાણવું છે એ કોણ છે ? ક્યાં રહે છે ?

તો જાણો:—એ છે ગરીબાઈ.

એ ગરીબાઈની નાગચૂડમાં ભીંસાતાં ગરીબોને જોઈ શ્રીમદ્જીનું હૈયું વલોવાઈ જાય છે. અને તેમને આશ્વાસન આપતાં કહે છે.

**" અમારી શક્તિથી બનતું, કરીશું ને કરાવીશું,**
**ક્રિયાયોગે કરી સેવા, બુદ્ધ્યબ્ધિ મંગલો વરશું."**

# હૃદય રડે છે.

## કવ્વાલી

નિહાળું બહુ ગરીબોને, તનુ દુ:ખે રૂવે ભારી;
ઘણાં અંધા ઘણા લુલા, હૃદયમાં બહુ દયા આવે.

દુકાળે પીડિયા ભારી, ઘણા લોકો ભમે જ્યાં ત્યાં;
રુદન કરતાં નિહાળીને, હૃદયમાં બહુ દયા આવે.

ફરે કંગાળનાં ટોળાં, મળે નહિ નોકરી ધંધો;
ફરે છે હાય ! હા ! બોલી, હૃદયમાં બહુ દયા આવે.

પડેલ ધૂળમાં બાળો, ગરીબોનાં રડે છે બહુ;
ઘણાં વેચાય છે બાળક, હૃદયમાં બહુ દયા આવે.

નથી પહેરણુ નથી બંડી, નથી ધોતર નથી ટોપી;
કડાકાં ભૂખનાં વેઠે, હૃદયમાં બહુ દયા આવે.

નથી આધાર વનનો, નથી ધન કે નથી વિદ્યા;
નથી સત્તા ગરીબોને, હૃદયમાં બહુ દયા આવે.

નથી વિદ્યા નથી આશ્રય, સહે છે દુ:ખનો અગ્નિ;
ખરેલાં અશ્રુઓ દેખી, હૃદયમાં બહુ દયા આવે.

જણાતું દૂધ નહિ સ્વપ્ને, મળે નહિ સ્વપ્નમાં લાડુ,
પડ્યા પર પાટુઓ પડતી, હૃદયમાં બહુ દયા આવે.

હૃદયદ્રાવક વદે બોલો, ઘણી આજીજીઓ કરતાં;
ગરીબોને નીહાળ્યાથી, હૃદયમાં બહુ દયા આવે.

બને બેલી ગરીબોનો, સુધારે શક્તિયોથી તે,
દયાળુ સત્ય જગમાંહી, અમારા ધર્મનો સેવક.

અમારી શક્તિથી બનતું, કરીશું ને કરાવીશું,
ક્રિયાયોગે કરી સેવા, 'બુદ્દ્યબ્ધિ' મંગલો વરશું.

**(કાવ્ય સંગ્રહ ભા. ૭. પાન નં. ૪)**

હરિસત્ય ભટ્ટાચાર્યજી
એમ. એ. બી. એલ.

# અહિંસાના અવતાર

( ધર્મ કથા )

[ શ્રીયત્ ભટ્ટાચાર્યજીએ મૂળ બંગાળીમાં ભ. પાર્શ્વનાથજીનુ સંક્ષિપ્ત ચરિત્ર લખ્યું હતું તેનો અનુભવ સ્વ. શ્રી સુશીલે કર્યો હતો. એક જૈનેતરના હાથે લખાયેલ આ સંક્ષિપ્ત ચરિત્ર એટલું બધું સુંદરને સુવાચ્ય છે કે અત્રે તેને રજુ કરવાનો લોભ હું જતો કરી શકું તેમ નથી. —સંપાદક. ]

મંત્રી વિશ્વભૂતિએ એક દિવસે માથાના કાળા—ભમ્મર જેવા કેશગુચ્છામાં અચાનક એક ધોળો વાળ ઉગતો જોયો. આ જ રીતે આ બધા કેશની પડતી થવાની, યૌવન સરિતા પણ આખરે સૂકાઇ જવાની, એવા એવા અનેક વિચારો મંત્રીના મનમાં ઉભરાઇ નીકળ્યા. એક ઉગતા ધોળા વાળ ઉપરથી એમણે સંસારની અસ્થિરતા, અસારતાનું અનુમાન કહાડયું. પછી તો પોતનપુરના આ મંત્રીએ એક સ્ત્રી, બે પુત્રો અને અઢળક ઐશ્વર્યનો ત્યાગ કરી મુક્તિનો માર્ગ લીધો.

મંત્રીને બે પુત્રો હતા, તેમાં એકનું નામ કમઠ અને બીજાનું નામ મરૂભૂતિ. કમઠ મોટો હતો, મરૂભૂતિ ન્હાનો હતો.

મોટો હોવા છતાં કમઠ ઘણો મૂરખ હતો. વિશ્વભૂતિ મંત્રીએ પોતાનો મંત્રી તરીકેનો અધિકાર કમઠને બદલે મરૂભૂતિને સોંપ્યો. મરૂભૂતિ પોતાનાં વિનય અને ચારિત્રબળે મહારાજા અરવિંદનો માનીતો થઈ પડયો. મહારાજાનો એ વિશ્વાસપાત્ર બન્યો. મહારાજાની ગેરહાજરીમાં રાજતંત્રની લગામ મરૂભૂતિના હાથમાં રહેતી.

એક દિવસે અચાનક વજ્રવીર્ય નામના પ્રતિસ્પર્ધી મહારાજાએ યુદ્ધનો શંખ ફૂંકયો. મહારાજા અરવિંદ, મરૂભૂતિને રાજ્ય સોંપી પોતાના સૈન્ય સાથે બહાર પડયા. મરૂભૂતિ હયાત હોય ત્યાં સુધી મહારાજા અરવિંદને પોતાના રાજ્યની કશી ચિંતા ન હતી.

અરવિંદ મહારાજા યુદ્ધ કરવા ગયા એટલે કમઠના જુલમની પણ રાજ્યમાં હદ ન રહી. એનો સગો ભાઈ મહારાજાને સ્થાને બેસતો. કમઠને થયું કે હવે મને પૂછનાર કોણ છે?

કમઠ વિવાહીત હતો. એની સ્ત્રીનું નામ વરૂણા હતું. છતાંય તે પોતાના

નાના ભાઇની સ્ત્રીનું રૂપ નીહાળી મોહમુગ્ધ થયો.

એકવાર કમઠે વસુંધરાને ઉદ્યાનમાં છૂટથી હરતી ફરતી જોઇ. ક્યાંય સુધી તે એની તરફ એકીટસે જોતો ઉભો રહ્યો. નિરખવા માત્રથી એને તૃપ્તિ ન થઇ. એ નજર બહાર થઈ ત્યારે તેણે એક મોટો નિઃશ્વાસ નાખ્યો.

કમઠના મિત્ર કલહંસે એને ઘણી ઘણી રીતે સમજાવ્યો. "પરસ્ત્રીને માતા જ માનવી જોઇએ, ન્હાના ભાઇની સ્ત્રી તો પોતાની સગી પુત્રી-રૂપજ ગણાય." છતાં, કમઠની કામ પિપાસા શાંત ન થઇ.

"પ્રાણ જાય તોપણ મને કબૂલ છે; એક વાર વસુંધરાને મારી પત્ની ન બનાવું ત્યાં સુધી જીવન નકામું છે."

કમઠનું સારૂં શરીર ધ્રુજતું હતું. એની આંખોમાંથી અસ્વાભાવિક તેજ વરસતું હતું.

કલહંસે જઈ વસુંધરાને ખબર આપ્યા. "અહીં પાસેના લતામંડપમાં તમારા જેઠ મૂર્છિત બનીને પડયા છે. તમારે એની સારવાર કરવા જવું જોઇએ." કલહંસનાં કપટવાક્ય સાંભળી વસુંધરા દોડતી, બેબાકળી, કમઠ પાસે પહોંચી. હરિણી વાઘના પંજામાં ફસાય એવી જ સ્થિતિ અહીં વસુંધરાની થઇ. કમઠના પાપનો ઘડો પણ ભરાઈ ગયો.

મહારાજા અરવિંદ શત્રુને જીતી પોતનપુરમાં પાછા ફર્યા ત્યારે તેમણે ઘણા માણસોના મુખથી એ અત્યાચારની કથા સાંભળી. એમને રૂંવે રૂંવે ક્રોધનો અગ્નિ વ્યાપ્યો.

"તમે પોતે કંઈ નથી બોલતાં, પણ કમઠને હું સખતમાં સખત સજા કરવા માગું છું. મારા રાજ્યમાં હું એ અન્યાય ચલાવી લેવા નથી માગતો. તમે જ કહો. એને શી સજા થવી જોઇએ?" અરવિંદ મહારાજાએ, મંત્રી મરૂભૂતિને પૂછ્યું.

મરૂભૂતિ માણસ હતો. કમઠના અત્યાચારોએ એના હૈયામાં પણ હોળી સળગાવી હતી. છતાં તે ઉદારતા અને ક્ષમાના શીતળ જળથી એ આગ ઓલવવા અહોનિશ પોતાના અંતર સાથે યુદ્ધ કરતો. તેણે કહ્યું. "આ વખતે એક વાર એને જવા દો."

મરૂભૂતિના સ્વભાવની મધુરતા જોઈ મહારાજા વિસ્મિત થયા. એમણે કહ્યું. "હવે તો હું પોતે જ બધું જોઇ લઇશ. તમારી જીભ નહીં ઉપડે. તમે ખુશીથી તમારા મહેલે જઈ શકો છો."

મહારાજાએ કમઠના મ્હોં ઉપર મેશ ચોપડી, ગધેડા ઉપર બેસાડી આખા શહેરમાં ફેરવ્યો અને હવે પછી કોઈ વાર પણ પોતાના દેશમાં દાખલ ન થવાનો હૂકમ આપ્યો.

અપમાનિત કમઠ, પછી તો તાપસ બન્યો. વૈરાગ્ય વિનાનો, ધર્મની

ગંધ વિનાનો કમઠ, ભૂતાચલ નામના પર્વત ઉપર તાપસોના આશ્રમમાં જઈ કઠોર તપશ્ચર્યા કરવા લાગ્યો.

મરૂભૂતિએ પોતાના મોટા ભાઈની, તપશ્ચર્યા સંબંધી બધી વિગત સાંભળી વિચાર કર્યો. "ખરેખર, મારા ભાઈનું દીલ હવે પશ્ચાત્તાપના પાણીથી શુદ્ધ થઈ ગયું છે." મહારાજાએ એને બહુ બહુ રીતે સમજાવ્યો કે કોલસા ગમે એટલા ધોઈએ તોપણ ધોળા ન થાય. દુશ્ચરિત્ર માણસ કદાચ થોડા દિવસ સદાચારી બને તો તે ઉલટો એ વધારે ભયંકર ગણાય. માટે હવે તમારે એની સાથેના બધા સંબંધનો ત્યાગ કરવો એજ ઉચિત છે. પણ મરૂભૂતિના અંતરમાં બંધુતાનું લોહી ઉછળતું હતું. ભ્રાતૃવાત્સલ્યે એના દીલ ઉપર પુરો અધિકાર જમાવ્યો હતો.

એનાથી ન રહેવાયું. તે કમઠ પાસે જઈ પગમાં પડ્યો. કહ્યું. "મને ક્ષમા કરો. મહારાજાએ મારું સાંભળ્યા વિના જ તમને દેશપાર કરી દીધા. હવે આપ ઘેર પધારો. તમારી આ કઠિન તપશ્ચર્યા જોઈ મારું હૃદય ચીરાઈ જાય છે."

કમઠ એ વખતે બે હાથમાં ભારે વજનના બે મ્હોટા પત્થર ઉચકી રાખી, ઉભો ઉભો તપશ્ચર્યા કરતો હતો. પોતાના ન્હાના ભાઈના વિનયી મધુર શબ્દોએ, એના દીલમાં ભરાઈ બેઠેલા ક્રોધરૂપી સર્પને છંછેડ્યો. કાંઈ વધુ વિચાર નહીં કરતાં, હાથમાંનો ભારે પત્થર તેણે નાના ભાઈના માથા ઉપર પછાડ્યો. મરૂભૂતિ ત્યાં ને ત્યાંજ મૃત્યુ પામ્યો.

કમઠનો આવો નિષ્ઠુર વ્યવહાર જોઈ, આસપાસના તપસ્વીઓ પણ ખળભળી ઉઠ્યા. એમણે એને આશ્રમમાંથી હાંકી કાઢ્યો.

કમઠ ભીલ લોકોની એક પલ્લીમાં જઈને ભરાયો. ત્યાં રહીને તેણે ચોરી–લુંટફાટ આદિનો ઉપદ્રવ ફેલાવવા માંડ્યો.

એક અવધિજ્ઞાની મુનિરાજે મહારાજા અરવિંદને, મરૂભૂતિના મૃત્યુના સમાચાર સંભળાવ્યા. મહારાજાને એ વાત સાંભળી બહુ જ દુઃખ થયું. "મેં જ એને જતાં વાર્યો હતો. ન માન્યું; આખરે એ દુષ્ટે પોતાના સગા ભાઈનો પણ નિર્દયપણે ઘાત કર્યો." મહારાજા મનમાં બોલ્યા.

( ૨ )

પૃથ્વી ઉપર કોણ અમર રહ્યું છે? કમઠ અને એની સ્ત્રી વરૂણા પણ પરલોકના પંથે ચાલી નીકળ્યાં છે.

આકાશના એક ખુણામાં વરસાદનું વાદળ ધીમે ધીમે ઘેરાતું જાય છે. એ વાદળ નથી. જાણે કે એક ચિત્રકાર નિરાંતે બેઠો બેઠો આકાશ રૂપી પટ ઉપર નવાં નવાં ચિત્રો દોરી રહ્યો છે.

ઘડીમાં એક ચિત્ર દોરે છે, તો ઘડી પછી પાછું ભૂંસી નાંખે છે. ઘડીમાં એક નવોજ આકાર નજરે પડે છે.

મહારાજા અરવિંદ મેઘની આ લીલા તલ્લીનતા પૂર્વક જોઇ રહ્યા છે. વાદળ-ચિત્રકારે એક જિનમંદિર ચીતરવાનું આદર્યું. મહારાજાને એ ચિત્ર બહુજ ગમી ગયું. તેઓ પણ એક પીંછી તથા થોડો રંગ લઇ, એની નકલ ઉતારવા બેસી ગયા. આ વાદળના આકારનું એવું જ એક બીજું જિન-મંદિર ચણાવવાની એમની ભાવના હતી.

એટલામાં તો વાદળ વીંખાયું. મંદિરનું આખું સ્વપ્ન ઉડી ગયું.

"સંસાર આટલો બધો અસ્થિર છે ?" મહારાજાના અંતરમાંથી પોકાર ઉઠયો. આ રાજ્ય, આ સંપદા, આ જીવન, એ બધું શું આ વાદળના મંદિર જેવું જ ક્ષણિક હશે ? એ બધાને વીંખાતાં શી વાર ? શા સારૂ અસ્થિર સંસાર પાછળ મારૂં જીવન વીતાવી રહ્યો છું ?"

અરવિંદ મહારાજા, પોતાના પુત્રને રાજસિંહાસને સ્થાપી ત્યાગ માર્ગને પંથે ચાલી નીકળ્યા. એ રીતે કેટલાક વર્ષો વહી ગયા.

સમ્રાટ અરવિંદ આજે અરણ્ય-વાસી છે. નિઃસ્પૃહ મુનિના સર્વ આચાર પાળે છે.

એક વાર સમ્મેત શિખર તરફ વિહરતાં, માર્ગમાં સલ્લકી નામનું એક મોટું અરણ્ય આવ્યું. અરવિંદ મુનિની સાથે બીજા પણ ઘણા મુનિઓ હતા. સલ્લકીના અરણ્યમાં એ સૌ ઉતર્યા.

મુનિઓનો સંઘ મળ્યો હતો, એટલામાં એક ગાંડો હાથી મદોન્મત્ત-પણે વૃક્ષોને મૂળમાંથી ઉખેડીને ફેંકતો પોતાની તરફ આવતો એમણે જોયો. મહાત્મા અરવિંદ ધ્યાનસ્થ હતા. તેઓ નેત્ર ઉઘાડે તે પહેલાં જ ગાંડા હાથીએ એમને સૂંઢથી પકડયા. મહાત્માએ જરાયે વ્યાકૂળતા ન બતાવી. એ તો પર્વતની જેમ પોતાના આસને બેસી રહ્યા.

હાથીનો ગર્વ ગળી ગયો. એને મુનિ અરવિંદની છાતી ઉપર શ્રીવત્સનું ચિહ્ન જોયું. એ ચિહ્ન જોતાં જ હાથીને પોતાના પૂર્વભવની સ્મૃતિ જાગી. એક ન્હાના સરખા નીશાનમાં આખા ભવની લાંબી-સળંગ કથા લખાએલી એણે વાંચી લીધી. હાથીએ સૂંઢ નમાવી મહારાજાને પ્રણામ કર્યા.

"શા સારૂ આ પ્રકારની વ્યર્થ હિંસા કરે છે ?" મુનિએ અરવિંદ હાથીને સંબોધી કોમળ વાણીમાં કહેવા લાગ્યા : હિંસા જેવું બીજું એકે પાપ નથી. અકાળ મૃત્યુના પરિણામે તો તેં હાથીનો-જાનવરનો ભવ મેળવ્યો છે. હજી પણ પાપથી કાં નથી બીતો ? ધર્મને પંથે વિચર ! વ્રતાદિનું પાલન કર ! કોઇક દિવસે સારી ગતિ પામશે !"

અકાળે આપઘાત-મૃત્યુનો ભોગ બનેલો મંત્રી-મરૂભૂતિનો જીવ આ અરણ્યમાં હાથી રૂપે અવતર્યો હતો. કમઠની પત્ની-વરૂણા એની હાથિણી રૂપે હતી. હાથીનું નામ વજ્રઘોષ. વજ્રઘોષ સહકી વનમાં ભમતો. હાથિણી રૂપે વરૂણા એની પ્રિયતમા બની હતી. વિધિનાં વિધાનો કેટલાં વિલક્ષણ હોય છે?

વજ્રઘોષને પોતાનો પૂર્વ ભવ યાદ આવ્યો. અસાધારણ દુઃખ અને પશ્ચાત્તાપને લીધે એનું ચિત્ત વલોવાઈ રહ્યું. અરવિંદ મુનિના પાદપદ્મમાં મૌનભાવે એણે પોતાનું મસ્તક ઝૂકાવ્યુંઃ પ્રતિજ્ઞા લીધી કે "હવે હિંસા નહિ કરૂં, યાવજ્જીવન બાર વ્રત પાળીશ."

મુનિવર અરવિંદ વિહાર કરીને ગયા ત્યારે વજ્રઘોષ હાથી પણ ઘણે દૂર સુધી એમને વળોટાવા ગયો. હવે તો એ અહિંસા પાળતો થયો છે. માત્ર ભૂખનું નિવારણ કરવા થોડાં સૂકાં તૃણ ખાય છે. અપકારીને પણ એ ક્ષમા કરે છે. શત્રુ કે મિત્રને પણ એ સમાન ગણે છે. પર્વના દિવસોમાં તે ઉપવાસ કરે છે, બ્રહ્મચર્ય પાળે છે. તપથી ક્રમે ક્રમે એનું શરીર સૂકી લાકડી જેવું થઈ ગયું. પણ એ વાતની એને મુદ્દલ ચિંતા નથી. અહોનિશ પરમેષ્ઠી મંત્રનો જાપ જપે છે.

એક દિવસે તરસને લીધે અકળાયેલો વજ્રઘોષ પાણી પીવા માટે વેગવતી નદી તરફ જતો હતો. ત્યાં કીનારે જ કર્કટ નામનો એક સર્પ રહેતો. એ સાપ વજ્રઘોષને ડંખ્યો. આ સાપ કમઠનો જીવ હતો. પાપકર્મને લીધે એ સાપનો ભવ પામ્યો હતો. વજ્રઘોષને જોતાં જ સાપને પોતાનું પૂર્વ વેર સાંભરી આવ્યું. એ વેરનો આ રીતે એણે બદલો લીધો.

મૃત્યુ સમયે વજ્રઘોષે આર્ત-રૌદ્ર ધ્યાન ન સેવ્યું. એ વ્રતના પ્રતાપે આઠમાં-સહસ્રાર સ્વર્ગમાં દેવ થયો. ત્યાં તેણે સત્તર સાગરોપમ અતિ સુખ-વિલાસમાં વિતાવ્યા. દેવના ભવમાં પણ એ વ્રતનો મહિમા ન ભૂલ્યો, એટલે કે પુણ્યનોજ આ બધો મહિમા છે એમ માનતો. દેવપણામાં પણ એ રોજ ચૈત્યાલયમાં પૂજા-ભક્તિ કરતો અને મહામેરૂ નંદીશ્વર આદિ દ્વીપોમાં જઈ ભગવાનની પ્રતિમાઓને વાંદતો.

દેવને પણ મૃત્યુ તો હોય છે જ. સત્તર સાગરોપમને અંતે એની દેવ-લીલા પૂરી થઈ.

(વધુ આવતા અંકે)

ગુણવંત શાહ

# પુસ્તક પરિચય તેમજ સમાલોચના

[ આ વિભાગ માટે દરેક લેખક તેમજ પ્રકાશક ભાઇને વિનંતી છે કે તેઓ તેમનું પુસ્તક કાર્યાલયને સરનામે સમાલોચના માટે મોકલી આપે. ]

## ભજન સંગ્રહ ભા.૧

લેઃ **સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી.**

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એક સંત હતા. સાધક હતા. જૈનાચાર્ય હતા. અને સિદ્ધહસ્ત કવિ તેમજ લેખક પણ હતા. એમનું જીવન જો કે એકલક્ષી હતું. મુક્તિની ખોજ એ એમનું લક્ષ હતું. છતાંય એ ખોજમાં તેમણે વૈવિધ્ય સભર જીવન ગુજાર્યું છે. સાક્ષર જીવન, સંત જીવન, આધ્યાત્મિક જીવન, સામાજિક જીવન, સુધારક જીવન આવા અનેક ભેદ જીવનના પાડી તેમના જીવનને જોઈ શકાય તેમ છે. એ બધા જ ક્ષેત્રોને તેમણે સ્પર્શ કર્યો છે. આમ બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રીમદ્જીના સર્જનમાં પણ બહુવિધતા આવે એ સ્વાભાવિક જ છે. અને આથી જ એમ કહી શકાય કે તેમના ગદ્ય લખાણો કરતાં વાંચકોએ તેમની કાવ્ય સર્જનાને વધુ ઉમંગથી વધાવી છે, અને વાંચી છે. ભજન સંગ્રહ ભા. ૧ લીની ૭ ૭ આવૃત્તિ બહાર પડી ચૂકી છે એ જ બતાવે છે કે વાંચકોએ તેમના કાવ્યોને કેટલા બધા ઉમળકાથી ગાયા છે, કંઠે કર્યા છે. અને ખરેખર તેમના બધા જ ભજન સંગ્રહોમાં આ પ્રથમ સંગ્રહ અફલાતૂન છે.

આ આખાય સંગ્રહની વિશિષ્ટતા એ છે કે તેનું તમે કોઈ પણ પદ, ભજન કે સ્તવન લો તો તે મધુર રાગથી ગાઈ શકાય તેવું છે.

વળી બીજી વિશિષ્ટતા એ છે કે આ સંગ્રહમાં થોડા અપવાદ બાદ કરતાં ઝાઝા કાવ્યો તો સર્વધર્મીઓ પોતાના જ ધર્મના ગીત છે એમ સમજીને ગાઇ શકે તેવા છે. જો કે અધ્યાત્મ ને આત્મા પ્રત્યે શ્રીમદ્જીને અપૂર્વ રાગ હોઇ આ સંગ્રહમાં આત્માનુલક્ષી કાવ્યોનું બાહુલ્ય ઘણું છે. છતાં પણ એ આત્માના કાવ્યો પણ એવી સહજ

સરળતાથી સર્જાયા છે કે વાચકને એ વાંચતાં કે ગાતાં કયાંય પણ તત્ત્વ ચિંતનનો ભાર નથી લાગતો. સંગ્રહ-માંનું પ્રથમ જ ભજન લો:—તેની ત્રીજી કડીમાંનું વીતરાગનું વર્ણન એવા તો લાઘવથી કર્યું છે કે એમાંથી તમે જો એકાદ શબ્દ પણ આઘો પાછો કરો કે કાઢી નાખો તો એ આખુંય ભજન પાંગળુ બની જશે.

"હરિહર બ્રહ્મા તું ખરો રે,
શિવશંકર મહાદેવ,
દોષ અઢારે ક્ષય કર્યા રે,
સુરનર કરતાં સેવ;
ખુદા તુમ અકલગતિ ન્યારી,
નિરંજન બ્રહ્મદશા તારી."

આવાં લાઘવયુક્ત વર્ણન તો આ સંગ્રહમાં ઠેર ઠેર જોવાં મળે છે. ૩૭માં ભજનમાં આતમનો પરિચય કરાવતાં તેઓશ્રી લખે છે:—

અલખ અગોચર નિર્ભય દેશી,
સિદ્ધ સમોવડ તું ભારી;
અનુભવ અમૃત ભોગી હંસા,
અકલગતિ વર્તે તારી.

કાવ્યને શણગારતાં એવાં ભાતીગળ અલંકારો તો આપણને આ સંગ્રહમાં ખૂબ જ જોવા મળે છે.

પરખીને લેજો નાણું રે,
આ આવ્યું ઉત્તમ ટાણું રે;
ટં ટં કરતાં તુરત વારમાં,
આવે જમનું આણું રે.

નાણું, ટાણું, આણું એવા પ્રાસાનુ-પ્રાસ તો દરેક ભજનમાં જોવાં મળે છે. તો જડ–ઝમક જેવા અલંકારો પણ કયાંય કયાંય દેખા દે છે. જેવાં કે ૪૧ મા ભજનમાં લાલચુ, લંપટ, લુચ્ચો બની તેં, કરી કુસંગે યારી રે, ચેતો ચેતો ચિત્તમાં ચટપટ, સમજો નરને નારી રે. માયા ન તારી રે. વગેરે.

ભજન ૯૭ મું **પ્રીતમ મુજ કબહુ ન નિજઘર આવે,** ભજન ૫૦ મું **સગુણ સનેહા સ્વામી મહેલે પધારો** જેવા આખાય કાવ્યો સુંદર રૂપકમાં વણાયેલાં જોવા મળે છે.

કેટલાક ભજનોનો ઉઘાડ એટલો તો સુંદરને સુમધુર છે કે એ પંક્તિઓ વારે વારે ગણ ગણવાનું મન થાય તેવી છે.

ભજન ૯ મું **જીવલડા ઘાટ નવા શીદ ઘડે, પલકની ખબર તને નહિ પડે.**

ભજન ૪૧ મું. **માયા ન મુરખ તારી રે, શું માને મારી મારી રે, મારી મારી કરતાં તારી, ઉમ્મર સહુ પરવારી રે......**

ભજન ૫૫ મું. **કોઈ ન કરશો પ્રીત, ચતુર નર કોઈ ન કરશો પ્રીત......**

ભજન ૯૮ મું. **પ્રિયા મમ છટકી ભટકી અટકી, એંચી તાણી ઘરમાં ઘાલી, તો પણ જાવે છટકી**...વગેરે.

આ બધાં ઉપરાંત આ સંગ્રહમાં કક્કાવલીનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. બારાખાડીના દરેક અક્ષર પર ચાર ચાર પંક્તિની એક એક ટૂંક લખી છે. તેમના કાવ્યોનો છેલ્લો ગ્રંથ જે • કક્કાવલી સુબોધ છે તેના પડઘાં આમાં સંભળાય છે.

સંસારની તમામ નાની મોટી ચિંતાઓ છોડી દઈ, કોઈ એકાંત ખૂણે પ્રકૃતિની ગોદમાં ને આત્માની વિરામતામાં, ચિત્તની કોઈ શાંત પળે, આ સંગ્રહમાંનું કોઈ પણ ભજન ગાતાં કે ગણગણતાં આતમા એક અનેરો જ આનંદ અનુભવે છે.

આ સંગ્રહની જો ફરીથી આવૃત્તિ બહાર પાડવામાં આવે તો તેના પ્રકાશકને આ મારું નમ્ર સુચન છે કે આ સંગ્રહમાના આત્માનુલક્ષી તેમ જ ઉપદેશાત્મક કાવ્યોનો જ સંગ્રહ કરવામાં આવે અને અનુક્રમે તે બધા એક સાથે સંકલિત કરવામાં આવે. સ્તવનો, ગુરુ ગીતો તેમ જ ગહુંલીને ફરીથી આવૃત્તિમાં બાદ કરવાથી જૈનેતરોને પણ આ સંગ્રહ ખૂબ જ ભાવી જશે.

★

## વિવેચન નહિ વિચાર વિસ્તાર

**શ્રીમદ્ બુદ્ધિસાગરજી કૃત**
**ભજન પદ ભાવાર્થ સંગ્રહ**
**( વિવેચન સાથે )**
**લેઃ–આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજી મ૦**

ભજન પદ ભાવાર્થ સંગ્રહ (વિવેચન સાથે) આ પુસ્તકમાં લેખકશ્રીએ સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના ૧૦૮ પદો પર વિવેચન કરવાનો શ્રમ ઉઠાવ્યો છે. આપણા પૂર્વાચાર્યોકૃત સ્તવનો, સજ્ઝાયો વ. કાવ્યો પર ઘણા ઓછાઓએ પોતાની વિવેચનાત્મક કે સમાલોચનાત્મક કલમ ચલાવી છે. ત્યારે આવું કોઇ પુસ્તક લખાય ને પ્રગટ થાય એ જરૂર આવકાર દાયક ગણાય. જો કે આ પુસ્તક એ ગુરુભકિતનું જ પરિણામ છે. આ પ્રમાણે પોતાના શ્રધ્ધેય ગુરુદેવના કાવ્યો પર કંઇક લખીને લેખકશ્રીએ પોતાની ગુરુભક્તિનાં જ દર્શન કરાવ્યાં છે.

પુસ્તકના નામ સાથે વિવેચન શબ્દ જોડાયો છે ખરો પરંતુ આખાય પુસ્તકમાં વિવેચન થોડું છે જ્યારે એ

સિવાય (વિવેચન) બીજું ઘણું છે. મેટ્રિક કે ફાઇનલ ભણતા વિદ્યાર્થીઓને એકાદ બે પંક્તિઓ પર લખવાનું કહેવામાં આવે અને તેઓ જે લખે તેવો અહીં માત્ર વિચાર વિસ્તાર જ રજુ થયેલ છે. વિવેચનનું જે બંધારણ અને તેના જે નીતિ નિયમો છે તેનો આ પુસ્તકમાં સદંતર અભાવ છે. કાવ્યોની ખૂબી, તેની કલ્પના વૈભવ, તેના અલંકારો, સમકાલીન કાવ્યો સાથેની તેની તુલના વ. કયાંય જોવા મળતાં નથી. આથી આ સારુંય પુસ્તક વિવેચન કરતાં વિચાર વિસ્તારમાં જ પથરાયેલું છે.

પદોના ક્રમાંક એ આ પુસ્તકની એક ઉજળી બાજુ છે. એક પદનો વિચાર વિસ્તાર પૂરો થતાં બીજા પદ સાથે તે સારું એવું અનુસંધાન મેળવે છે.

આ માટે આચાર્યશ્રીએ ભાષા સાદી વાપરી છે. પરંતુ કયાંક કયાંક વાકયો એવા અસંદિગ્ધ ને અધૂરાં છે કે વાચકને વિચાર મેળ મેળવતાં સહેજ મુશ્કેલી પડે છે, દા. ત. પાન નં. ૧૨ વાંચો–",આવા લાખો ગમે ઉપાય કરીને અરે જીવ! ચિંતા, શોક–સંતાપાદિક કરી સુખ શાંતિ પ્રાપ્તિ કરી છે ને? તું ઉત્તર આપીશ નહિ. શો જવાબ આપે?" પાન નં. ૫૬ તો આખું જ અસંદિગ્ધ છે. આ તો માત્ર બે નમુના જ આપ્યાં છે. આવાં ઘણાં વાકયો બતાવી શકાય તેમ છે. પુસ્તક પ્રેસમાં આપતાં પહેલાં તેનું મૂળ મેટર જો ધ્યાનથી વાંચી–વંચાવી વિચારાયું હોત તો આવી ભૂલો જરૂર દૂર કરાઇ શકાઇ હોત.

બીજી વસ્તુ પણ, જો આ સંગ્રહની બીજી આવૃત્તિ બહાર પડે ત્યારે ધ્યાનમાં લેવા જેવી છે. અમુક વિચાર રજુ કરવા માટે એક જ શબ્દના બે ત્રણ પર્યાયવાચક શબ્દો એક જ સાથે આપી દેવામાં આવ્યાં છે. તેથી વિચારને વધુ મોકળાશ ન મળતાં વિચાર પોતે જ ગુંચવાઇ જાય છે. નજર–દૃષ્ટિ; હિત–કલ્યાણ–અભ્યુદય, પંડિતાઇ–હુશીયારી, મદ–ગુમાન–મગરૂરી વગેરે આવા જોડકાં ન આપતાં આમાંથી એકાદ શબ્દ આપ્યો હોત તો પણ ચાલી શકત. બીજી આવૃત્તિમા આ સિવાય પણ એક વાત તો ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. જો કે એ લેખક–આચાર્યશ્રીની ભૂલ નથી. પ્રુફ રીડરે પ્રશ્નાર્થ અને આશ્ચર્ય વાચક ચિહ્નમાં જરાય ફેર જોયો જ નથી. આથી આ પુસ્તકમાં એ ચિહ્નને લીધે, આચાર્યશ્રીનો વિચાર સમજવામાં ખૂબ જ ગોટાળો ઊભો છે.

એકંદરે આ પુસ્તક સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના ભજનો સમજવામાં એક ઉપયોગી સાધન પૂરું

પાડે છે. આ પુસ્તક વિના મૂલ્યે મળે છે. પ. પૂ. પંન્યાસપ્રવરશ્રી સુબોધસાગરજી મહારાજના વિનેયાન્તેવાસી પૂ. મુનિરાજશ્રી મનહર સાગરજી મ. સા. પાસેથી આ પુસ્તક મળી શકશે.

★

## છાપ ઇંગ્લેન્ડની, માલ બનાવટી

### ભારત પર ભગવાન મહાવીરકા અસીમ ઉપકાર.
### ( સંત વિનોબાકા એક મનનીય પ્રવચન )

સંપાદક : પં રૂદ્રદેવ ત્રીપાઠી એમ. એ.
સાહિત્ય–સાંખ્ય–યોગાચાર્ય.

કહેવાય છે કે ચિત્ર નિર્માતાઓ થિયેટરના માલિકોને, અમુક ચિત્ર લેવા માટે બીજા જુના ચિત્રો પણ પરાણે આપે છે. એ જુના ચિત્રો લે તો જ તેમને નવું ચિત્ર આપવામાં આવે છે. અને દવા તેમજ કાપડના ધંધામાં તો આ વાત હવે જગજાહેર થઈ છે કે ક્યાંક ક્યાંક પરદેશની છાપ હેઠળ દેશી માલ બજાડી દેવામાં આવે છે. અવેજી માલનું આ દૂષણ સાહિત્યમાં પણ ક્યાંક ક્યાંક દેખાય છે.

આ હિંદી પુસ્તિકામાં એ દૂષણે દેખા દીધી છે. પુસ્તિકાનું નામ ભગવાન મહાવીરકા અસીમ ઉપકાર (સંત વિનોબાકા મનનીય પ્રવચન) છે. મેં તેમજ મારા સહકાર્યકરોએ વિનોબાનું પ્રવચન જાણીને જ એ ચોપડી વાચવી શરૂ કરી હતી. પરંતુ અમારે પણ પેલા થિયેટરોના માલિકોની માફક બીજી વાતો વાંચવી પડી.

વિનોબાજીનું પ્રવચન માટે તો આ પુસ્તિકામાં માત્ર આઠ જ પાના રોકાયેલા છે જ્યારે બાકીના ૪૦ પાનામાં આ પ્રવચનના ઉદ્દગમનો વિસ્તૃત અને સચિત્ર પરિચય આપવામાં આવ્યો છે. પ્રવચન શા માટે, ક્યાં, અને કોને આપ્યું એ વાત બે પાનામાં સમાઈ શકી હોત પરંતુ એમ નથી બન્યું. તેથી પ્રવચન બાજુએ રહી જાય છે. અને પ્રવચનના કારણોમાં જ ગુંચવાઈ જવાય છે. પુસ્તિકા પૂરી વાંચી રહેતાં વિનોબાજીના શબ્દો કરતાં વધુ તો પં. ધીરજલાલની જ વાતો કાનમાં અથડાયા કરે છે. ટૂંકમાં વિનોબાજીનું પ્રવચન અહીં બીજી બધી વાતોમાં દબાઈ જાય છે.

વિનોબાજીએ આ પ્રવચનની શરૂઆતમાં ગ્રંથ સમર્પણના સમારોહ વિષે જે સ્પષ્ટ અને નિખાલસ વાત કરી છે તે ગ્રંથોના સમર્પણ સમારોહના આયોજકોએ ખૂબ જ વિચારવા જેવી છે. તે કહે છેઃ—

**હું માનતો હતો અને આજે પણ માનું છું કે આવા ગ્રંથો રાગ-દ્વેષથી દૂર રહેનારા એવા પરમાત્માને જ સમર્પણ કરવા જોઈએ.**

જગત સંસ્કૃતિ પર ભ. મહાવીરનું કેટલું ઋણ છે અને આજે તેમના ઉપદેશની જગતને કેટલી બધી જરૂર છે એ સમજવા માટે પૂ. વિનોબાજીનું પ્રગટ થયેલું આ પ્રવચન દરેક જૈન તેમજ જૈનેતરે વાંચવા ને વિચારવા જેવું છે.

આ પુસ્તિકાના સંપાદક અગર બીજા કોઈ, તેમના આ પ્રવચનની અલગ પુસ્તિકા, તેમાં બીજું કંઈ ભેળસેળ કર્યા વિના પ્રગટ કરી બહેંચાશે તો, એ એક મહાન પુણ્ય કાર્ય બની રહેશે.

આ પુસ્તિકા, દશપુર–સાહિત્ય–સંવર્ધન–સંસ્થાન, મંદસૌર .(મ. પ્ર.) સંસ્થા તરફથી પ્રગટ થઈ છે. કિંમત. ૦–૮૦ ન. પૈ.


અહિંસા એ માનવમાત્રનો મહામંત્ર છે. તેના વ્યવસ્થિત પ્રચાર વિના સમાજનો અભ્યુદય થઈ શકે નહીં. તેમાંએ જેઓ વિષમ સંયોગોના પરિણામે ધર્મ ભૂલ્યા છે, તેમને તો અહિંસાનો મહામંત્ર અવશ્ય સંભળાવવો જોઈએ.

આ કાર્ય માત્ર શબ્દોના સ્વસ્તિક પૂરવાથી થતું નથી. તે માટે એકનિષ્ઠ બની, અખંડ–અવિરત પ્રયત્ન કરવાની જરૂર છે.

# ગુજરાતનું ગૌરવશાળી જૈન મિશન.

## પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા.

જે બોડેલી અને તેની આસપાસના પ્રદેશમાં અહિંસા ધર્મનો વ્યવસ્થિત પ્રચાર કરી રહ્યું છે. અને તેનું પરિણામ ઉત્તરોત્તર સુંદર આવતું રહ્યું છે. છેલ્લા પંદર વર્ષથી કાર્ય કરી રહેલ આ સંસ્થાનો પરિચય મેળવો અને સહકાર આપો.

જો આપણે એમ ઇચ્છતા હોઈએ કે અહિંસા ધર્મનો પ્રચાર વધે અને બીજા હજારો ભાઈઓ તેના ઝંડા નીચે આવી પોતાનું કલ્યાણ સાધે તો આ સંસ્થાને છુટા હાથે પૈસાની મદદ કરવી ઘટે છે.

બોડેલી અને તેની આસપાસના દેરાસરોના **પંચતીર્થી**ના દર્શન કરવા પધારો. અને આ કાર્ય ક્ષેત્રનું નિરિક્ષણ કરો.

| મદદ મોકલવાનું ઠેકાણું : | કાર્યાલય : | માનદ્ મંત્રીઓ : |
|---|---|---|
| **શેઠ વાડીલાલ રાઘવજી**<br>૬૧, ત્રાંબા કાંટા,<br>મુંબઈ ૩. | ૪૫૭, સરદાર વી. પી. રોડ,<br>૨ જે માળે,<br>મુંબઈ ૪. | જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ<br>ઇશ્વરલાલ કસ્તુરચંદ<br>સાળવી |

ડૉ. મધુસુદન પારેખ

# વિસ્મરણના વમળમાં

## ( હાસ્ય કથા )

[ કંઈક વાત કે પ્રસંગ, કોઇનું નામ કે ગામ ભૂલી જનારા ઘણાં છે. પરંતુ એ ભૂલી જવુ કયારેક કયારેક ખૂબ જરૂરી બને છે. અને એવા કડવા પ્રસંગો ભૂલવા માટે માનવી કંઇ હજાર પ્રયત્નો કરે છે. ભૂલવાની એ કળાને હળવી રીતે રજુ કરતો આ લેખ આપણને હસાવે છે ને સાથે સાથે આપણને એક મહામૂલું પાથેય આપી જાય છે. —સંપાદક ]

મારા વડીલો, મિત્રો અને મારી પત્ની એ બધાને મારી વિસ્મૃતિ પર ભારે વિશ્વાસ છે. કોઇપણ કામ ભુલી જવાનું મને હમેશાં યાદ રહે છે એવી તેમની દૃઢ માન્યતા છે. મારા વડીલોએ મારા વિશે એક દંતકથા પ્રચલિત કરી છે કે હું જન્મ્યો ત્યારે રડયો ન હતો. બાળક જન્મે ત્યારે રડવું એ તેને માટે સાવ સ્વાભાવિક છે. પણ હું તો રડવાનું જ ભુલી ગયો હતો એટલે જન્મથી જ હું ભૂલકણો છું.

પોસ્ટમાં નાખવા માટે મને કાગળ કોઇએ કોઈ વાર સોંપ્યો હોય તો એ કાગળ સાંજે એમ ને એમજ પાછો આવે એવો મારી પત્નીને દૃઢ વિશ્વાસ છે. અને કોઈ વાર મેં જાતે જ કાળજી-પૂર્વક કાગળ લખીને પોસ્ટમાં નાંખ્યો હોય તો એની ઉપર હું સરનામું લખ-વાનું ચોક્કસ ભૂલી ગયો હોઇશ એવી એને પાકી શ્રદ્ધા છે. કોઈ વાર વરસતા વરસાદમાં હું છત્રી લઇને કોલેજ જવા નીકળું એજ વખતે આવતે મહિને નવી છત્રીના બજેટની વાત એ અવશ્ય કરવાની. હું મારા મિત્રોને કેટલીકવાર થોડા પૈસા ઉછીના આપું એટલે એ હિસાબની ચોપડીમાં ગયા ખાતે જ લખે. મને સંભળાવે પણ ખરાં; 'મને તમારો તેમજ તમારા મિત્રોનો બંનેનો વિશ્વાસ છે, તમારા મિત્રો પૈસા પાછા આપશે જ એમ મને શ્રદ્ધા છે અને તમને તો એ માગવાનું યાદ નહિ જ આવે એની પણ મને ચોક્કસ ખાત્રી છે."

મારા મિત્રો દૃઢપણે મારા વિષે મત ધરાવે છે કે જમીને તરત હું વાર્તા કે નાટક લખવામાં તલ્લીન થઇ ગયો હોઉં અને મારી પત્ની કલાક પછી આખું ભાણું ફરી પીરસીને લાવે તો હું 'ખેર, આજે કેમ આટલું બધું

મોડું કર્યું ?' એમ કહી ઘડીયાળ સામે જોઈ તરત જમવા બેસી જાઉં.

મારી સ્મૃતિ વિશે જગતમાં આટલો બધો ભ્રમ પ્રવર્તતો જોઈ હું એ ભ્રમ ભાંગવા એમને મારા બચપણની વાત કહેતો. હું નિશાળમાં ભણતો ત્યારે મારી યાદ શક્તિ નબળી હતી. દિલ્હીના મોગલ બાદશાહોની વંશાવળી સો વાર વાંચ્યા પછી પણ બાબરના હુમાયુ અને અકબર સુધી પહોંચતાં તો મારી સ્મૃતિની કબર થઈ જતી. ભૂગોળમાં પણ પરિણામ ગોળ જ આવતું. એક વડીલે મારી બાને સલાહ આપી, 'એને સ્મૃતિચૂર્ણ ખવડાવો, યાદશક્તિ એની એમ ઉઘડશે. મારી બાએ મને રોજ ચૂરણ ખવડાવવા માંડ્યું. એક મહિનામાં મારી સ્મૃતિ તો નહિ પણ વિસ્મૃતિ ઉઘડી. મહિના પછી વિસ્મૃતિનો એટલો બધો વિકાસ થયો કે એક દિવસ મને ચૂરણ ખાતો જોઈ મારા એક મિત્રે મને પૂછ્યું: 'આ ચૂરણ શેને માટે ખાય છે? હું વિચારમાં પડી ગયો. સ્મૃતિ ચૂરણ શેને માટે ખાતો હતો તેની મને વિસ્મૃતિ થઈ ગઈ હતી !'

હું આ દાખલો ટાંકીને કહેતો કે મને બચપણનો આ પ્રસંગ કેવો અક્ષરે અક્ષર યાદ છે? અને છતાં તમને મારી સ્મૃતિ વિશે શંકા ઉઠાવવાનું શું પ્રયોજન? પણ મારી વાત બધાં હસવામાં કાઢી નાખતાં. એ મને આ પ્રસંગ મને હજી સુધી યાદ રહ્યો, મારી સ્મૃતિમાં જળવાઈ રહ્યો તેની કદર ન થઈ પણ હું સ્મૃતિચૂર્ણ શા માટે ખાતો હતો તેની પણ મને વિસ્મૃતિ થઈ એ એમને મારી સ્મૃતિ વિરૂદ્ધ સબળ પૂરાવો લાગ્યો.

મારી સ્મૃતિ સતેજ હોવાના હું બીજા અનેક દાખલા આપી શકું છું. કેટલાંય વર્ષ પૂર્વે બનેલા સાવ નજીવા પ્રસંગો પણ હજી મારી સ્મૃતિમાં સાજા ને તાજા રહ્યા છે. નિશાળમાં એકવાર પરીક્ષા વખતે હું કાગળમાં કોપી કરીને લઈ ગયો હતો પણ કાગળિયું કાઢવાનું જ ભૂલી નાપાસ થઈ પાછો આવ્યો હતો. સંદિરમાં એક વાર મેં ઘસાયેલી આની નાંખી હતી. એ પ્રસંગો હજી મને યાદ છે. મારે ભૂલવા છે છતાં એ ભૂલાતા નથી. હું નવો નવો જ્યારે સાયકલ શીખતો હતો ત્યારે શાક વેચનારી વાઘરણ સાથે અથડામણ થઈ તે પ્રસંગે એ સાક્ષાત્ સરસ્વતી સ્વરૂપ વાઘરણે સગ્ધરા છંદની પંક્તિ જેવી લાંબી સ્વસ્તિ મને સુણાવી હતી. એ આખી પંક્તિ હજુ મને અક્ષરે અક્ષર યાદ છે. એક વાર મેથીની ભાજીને બદલે કોથમીર લઈ આવ્યા પછી મારી પત્નીએ ખાનગીમાં એની બહેનપણીને મોઢે મારા વિષે કેવો સમર્થ અભિપ્રાય ઉચ્ચાર્યો હતો તે હું હજી ભૂલી શકતો નથી. બાથરૂમમાં હું બુલંદ અવાજે ગીત ગાતો હતો ત્યારે

પડોશણે કહ્યું 'તમારા ઘરમાં બિલાડો ભરાયો લાગે છે. એને કાઢજો નહિતર પેંધો પડશે, એમ મારી પત્નીની પાસે ઉદ્દગાર કર્યાં હતા. તે તો મને રોજ નહાતી વખતે યાદ આવે છે. મારો એક મિત્ર મારી પાસેથી એકવાર પાવલી ઉછીની લઇ ગયો હતો. એ વાતને આજે દસ વર્ષ થઇ ગયા પણ એ મિત્રને જોતાં જ મને 'પાવલી' યાદ આવે છે અને પાવલીમાં મારા મિત્રનું પ્રતિબિંબ દેખાય છે!

કોલેજમાં ઊભી ખોની રમતમાં એક છોકરીએ મને આઉટ કર્યો ત્યારે બધાએ ખૂબ તાળીઓ પાડી હતી એ પ્રસંગ યાદ કરવો મને જરાય ગમતો નથી છતાં સ્મૃતિમાંથી એ ખસતો જ નથી. આવા તો સેંકડો પ્રસંગો મારી સ્મૃતિના બચાવ માટે ટાંકી શકું. આવા પ્રસંગો પરથી હું તો માનું છું કે યાદ રાખવું સહેલું છે–ભૂલી જવું અઘરું છે, વિસ્મૃતિ એ શક્તિ છે, સ્મૃતિ અશક્તિ છે. જગતનો વહેવાર સ્મૃતિ કરતાંય વિશેષ તો વિસ્મૃતિ ઉપર જ ચાલી રહેલો દેખાય છે. આજે અંગ્રેજો અને ફ્રેંચો વર્ષો પહેલાંની વેર વૃતિ તાજી જ રાખે અથવા હિંદુ–મુસલમાનો સૈકાઓ પૂર્વેનાં યુદ્ધોને સ્મૃતિમાં સંઘરી રાખે તો શી પરિસ્થિતિ થાય?' ભગવાને માણસને સ્મૃતિ ઓછી આપી છે. પણ માનવજાતિ એને વિસ્મૃતિ પાર વિનાની બક્ષી છે. એટલે વિસ્મૃતિ ને જીવાડનારી ઈશ્વરી બક્ષિસ છે. વિસ્મૃતિના અનેક પ્રકાર છે. કેટલાકને ચહેરાની વિસ્મૃતિ થાય છે, કેટલાક પ્રસંગો જ ભૂલી જાય છે. કેટલાકને નામ યાદ રાખવાની મુસ્કેલી હોય છે. કેટલાકના ચિત્તમાં તો સ્મૃતિ વિસ્મૃતિની સંતાકુકડી જ ચાલતી હોય છે.

અમારા મિત્રમંડળમાં એક જાણીતા કવિ છે. એમને વાસ્તવ જગત સાથે બહુ નિસ્બત નથી. ઘણું ખરું તો એ કવિલોકમાંજ વસતા હોય છે. વટવહેવાર તો એમની પત્ની કરે ત્યારે! સગાં સ્નેહીનાં નામ પણ પત્ની મુખે અડધાં પડધાં સાંભળ્યાં હોય તે જ. એકવાર પત્નીની હઠ આગળ કવિને નમતું જોખવું પડ્યું અને પત્ની સાથે કોઇક સગા સંબંધીના લગ્નમાં જવા નીકળ્યા. રસ્તામાં એમના કેટલાક સંબંધીઓ મળ્યાં. પત્નીએ એક બહેનની ઓળખાણ કરાવતાં કહ્યું, 'આ નલિની. આપણા વિનુભાઈ સાથે ગયે વર્ષે પરણી તે.'

નલિનીના હાથમાં બાબો જોઇને કવિની કલ્પના ચગી, 'ઓહો, નલિની બહેન, મઝામાં કે? બાબો બે ત્રણ વર્ષનો લાગે છે, ખરું! ચાલતાં શીખ્યો કે નહિ?'

નલિનીબહેન બિચારાં ખસિયાણાં પડી ગયાં. કવિનાં પત્ની પણ ડઘાઈ ગયા. 'તમને તે કાંઈ ભાન છે કે નહિ? હજી ગયે વર્ષે તો નલિની પરણી... ને...ને...બે ત્રણ વર્ષનો એનો બાબો!'

કવિ પરિસ્થિતિ પામી ગયા. વાત ફેરવતાં કહ્યું 'અરે ભૂલ્યો, ભૂલ્યો, નામમાં જબરો ગોટાળો થઇ ગયો. બાબો તો કાન્તાબહેનનો છે કેમ?'

બધાં સડક થઈ ગયાં. કવિનાં પત્ની તો બિચારાં શરમીંદાં થઇ ગયાં.

'તમને તે કાંઈ વિચાર કે નહિ?'

'કાન્તાબહેન પરણ્યાં છેજ કયાં? ફાવે તેમ શું બાફો છો? બાબો તો મદનભાભીનો છે.'

'મદનભાભી? સુધાકરભાઈ સાથે જેમનો...' સુધાકરભાઈ ત્યાં જ ઉભા હતા. એ એકદમ ચમકયા.

'અરે મદનભાભી તો મધુકરભાઇને ત્યાં પરણ્યાં તે...તમેય સાવ...'

વાર્તાલાપ વધારે ચલાવ્યા વિનાજ બધાં છૂટાં પડયાં.

એકવાર એક રૂપાળાં બહેન કવિને મળવા આવ્યાં. કવિને એમનું નામ ખૂબ ગમી ગયું. પોતાના એક કાવ્યમાં પાત્ર તરીકે એ બહેનનું જ નામ રાખવાનું તેમણે નક્કી કર્યું. થોડા વખત પછી કાવ્યની એમને સ્ફૂરણા થઇ. પણ પેલાં બહેનનું નામ હોઠ પર ચડયું નહિ.

'અરે સવિતા,' કવિએ પત્નીને બૂમ પાડી, 'આપણે ત્યાં પેલાં બહેન આવ્યાં હતાં તે દિવસે સાંજે તેનું નામ શું હતું?'

'અરે પેલું...શું...પેલું એ... અરે હૈયે છે ને હોઠે નથી આવતું... કંઈક 'લ' પર હતું. લીલા તો નહિ?'

મંકોડો વાડકામાં ગોળ ગોળ ફરે તેમ કવિએ ટેબલની આસપાસ આંટો મારવા માંડયાઃ 'મને લાગે છે 'વ' પર હતું, 'વનિતા' તો નહિ.?'

'લતા તો નહિ?'

'ના'

'ત્યારે નવનિતા?'

'ઉં હું.'

'સ્મિતા? કનકલતા?

'ના ના વનલતા ખરું?'

'ના એ પણ નહિ. હશે પણ તમે જમી તો લો. નામ તો પછી જડશે.'

'પણ કવિને જમવામાં શો રસ આવે

'લલિતા તો નહિ?' એમણે પૂછયું.

'ના, ના. તરલા કે સરલા એવું કંઈક હતું.'

સાડા ત્રણ કલાક કવિ અને કવિ-પત્ની વચ્ચે ઉખાણાં ચાલ્યાં, સ્ત્રીઓના નામનો કોશ આખો ફેંદી કાઢયો પણ હૈયામાં રમતું નામ હોઠ પર ન આવ્યું.

અચાનક બાબાએ બુમ પાડી 'બા, આ ટમીએ લવંગ વેર્યાં.'

હાં. લવંગલતા' બંને એક સાથે બોલી પડયાં અને ચાર વાગે હળવે હૈયે રસોડામાં દોડયાં.

એક બીજા પ્રોફેસર છે. તેમને રાજાઓની વંશાવળી, ઇતિહાસનાં સાલ, સંવતો-તારીખો, શેરબજારના ભાવ બધું જ જીભને ટેરવે રહે છે. પણ બિચારાને એમનાં નવ દશ છોકરાનાં નામ યાદ રહેતાં નથી. એક વાર તો ગુસ્સામાં આવીને ભુલમાં ને ભુલમાં એમણે પોતાના છોકરાને બદલે પડોશીના છોકરાને ટીપી નાખ્યો હતો.

એક જાણીતા ફિલોસોફર વિશે એવી દંતકથા પ્રચલિત હતી કે ફિલસૂફી સિવાય તેમને કશું જ યાદ રહેતું નહિ. એમની પત્નીનું મુખ તો ઠીક પણ પત્ની પણ યાદ રહેતી નથી. ફિલોસોફર રોજ ઘેર આવે ત્યારે પત્ની સૌ પ્રથમ એમની હેટ, છત્રી અને જોડા બરાબર સંભાળી લેતી. છતાં વરસમાં ત્રણ છત્રીઓ, બે જોડ બુટ અને પોણો ડઝન હેટ તો ખરીદવાં જ પડતાં.

એક વાર ફિલોસોફર અને તેમની પત્નીને કોઈ સમારંભમાં સાથે જવાનું આમંત્રણ મળ્યું. બંને સાથે ગયાં. ફિલોસોફર પુરૂષ વર્ગમાં બેઠક લેવા ગયા ત્યારે પત્નીએ આગલે દિવસે ખરીદેલી નવી છત્રી સંભાળવાની પચાસ વાર સુચના કરી. ફિલોસોફર તો વ્યાખ્યાનને બદલે છત્રીમાં જ તલ્લીન થઈ ગયા. સમારંભ પૂરો થયો, છત્રી બરાબર સંભાળીને એમણે ચાલવા માંડ્યું. પણ એમને મનમાં કંઈક ગડમથલ થવા માંડી. કંઈક ખૂટે છે એમ એમને લાગવા માંડ્યું. બધાં ગજવાં તપાસ્યાં. હેટ કાઢીને ફરી પહેરી જોઈ. છત્રી ઉઘાડવાસ કરી પણ કંઇ યાદ ન આવ્યું. ઘેર આવીને એ તો ફિલસુફીના ગ્રંથમાં ડુબી ગયા. થોડીવાર પછી બબડતી ફફડતી પત્ની આવી. એમના ચોપડા બંધ કરી દીધા. 'તમે તે કેવા માણસ છો?'

'કેમ? છત્રી તો બરાબર સાચવીને લાવ્યો છું. આજે તો કશું ભૂલ્યો નથી.'

'અરે પણ મને જ ભૂલી ગયા તે?' ફિલોસોફર ગુંચવાયા. મને કંઇક ખટકયા કરતું હતું ખરૂં. મેં ખિસ્સાં પણ તપાસી જોયાં પણ મને શી ખબર કે તને જ ભૂલી ગયો હઈશ?'

એકવાર એમનાં પત્ની ટ્રેનમાં બહારગામથી આવવાનાં હતાં પત્નીના ખાસ આગ્રહથી તે સ્ટેશન પર તેને તેડવા ગયા. ગાડી મોડી હતી. એટલે એ તો રેલ્વે સ્ટોલ પર રાધાકૃષ્ણનના એક પુસ્તકમાં પરોવાઈ ગયા. ફિલસૂફીમાં એવી ડૂબકી મારી કે બે કલાક નીકળી ગયા, થોડીવાર પહેલાં જ ગાડી ઊપડી ગઈ હતી. અચાનક ચોપડીમાંથી તેમની નજર બહાર ગઇ. પોતે હજી લાયબ્રેરીમાં

જ બેઠા છે. એવી ભ્રમણામાં એ હતા. સામેથી બેગ લઈને એક સ્ત્રી એમના તરફ આવતી હતી. ફિલોસોફર વિચારમાં પડયા, 'આ બહેનને કયાંક જોયાં લાગે છે!' પણ કયાં જોયાં હશે તે નક્કી થઈ શકયું નહિ. પેલી તો પાસે આવવા માંડી. એમના સામું જોયું. ફિલોસોફર ગુંચવાયા. પહેલાં બહેને કહ્યું: 'ચાલો'

ફિલોસોફર તો તો હજી 'લાયબ્રેરી' ના જ મુડમા હતા. 'ચાલો' સાંભળીને યે વધારે ગુંચવાયા. લાયબ્રેરીમાં આ અજાણી સ્ત્રી એમને કેમ બોલાવતી હશે? એમણે કહ્યું 'માફ કરજો મેં તમને કયાંક જોયાં લાગે છે...તમે... તમે' ત્યાં તો પત્નીની બેગ પર પોતાનું નામ વાંચી એકદમ કૂદયા 'અરે તું... તું...તું...હું તો...હું તો...'

'હવે તું હું તુંહું કરતાં ચાલો ને છાનામાના ઘેર.' કહીને રબારી ગાયને ઘસડી જાય તેમ એ ફિલોસોફરને ઘસડી ગઈ.

આમ મહાન વ્યક્તિઓમાં વિસ્મૃતિનો વિશેષ ગુણ ઇશ્વરે મૂકયો છે. કેટલાક માને છે કે વિસ્મૃતિ મહાન પુરુષોને વરેલી હોય છે. વિસ્મૃતિને વરેલા વૈજ્ઞાનિકો અને તત્ત્વચિંતકોએ વિશ્વને મહાન સિદ્ધિઓની ભેટ આપી છે. એટલે જ સ્મૃતિ કરતાં વિસ્મૃતિનો મહિમા મોટો છે.

★

ઉચ્ચ બનાવટ
મનોહર ઘાટ વિશુદ્ધ માલ વ્યાજબી ભાવ
રાજકમલ સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો વાપરો.
ઉત્પાદકો:—રતીલાલ નગીનદાસ એન્ડ કુાં૦
૧૧૮, કંસારા ચાલ, મુંબઈ ૨.
ઓફિસ ફોન : ૩૩૫૨૧૧ રેસીડંસ ફોન : ૩૩૨૦૮૬

**ઓ ચ રી**

[ સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. ના. વિવિધ ગ્રંથોની સંકલિત ગદ્ય કટાર. ]

# જોગી અને જમાનો

જે છોડવા ઉપર સૂર્યનાં કિરણો પડતાં નથી તે છોડનો વિકાસ થતો નથી. તે જ પ્રમાણે જે ધર્મના સમાજ ઉપર જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણો પડતાં નથી તે સમાજનો વિકાસ થતો નથી. ખરેખર જૈન સમાજના વિકાસ માટે જ્ઞાનરૂપી સૂર્યકિરણોની અત્યારે ખૂબ જ જરૂર છે.

જે વૃક્ષને ઉધઈ લાગે છે તે વૃક્ષનો અંતે નાશ થાય છે. તેમજ જે સમાજ વૃક્ષને ઈર્ષ્યા–વૈર આદિ રૂપ ઉધઈ લાગે છે તે સમાજનો અંતે નાશ થયા વિના રહેતો નથી.

જો મનુષ્યને ક્ષય રોગ લાગુ પડે અને તેના યોગ્ય ઈલાજો કરવામાં ન આવે તો એ માણસ મરી જાય છે. તે જ પ્રમાણે જે સમાજમાં કુસુંપરૂપી ક્ષય જંતુઓનો પ્રવેશ થાય છે, તેનો જો યોગ્ય ઉપાય લેવામાં ન આવે તો તે સમાજનો પણ અંતે નાશ થાય છે.

જે સમાજનાં માણસો સંપીલા અને ગંભીર નથી, તે સમાજથી દુનિયામાં કશું મહાન સુકાર્ય થઈ શકતું નથી.

જે ધર્મનો સમાજ પોતાની શક્તિ ઉપર વિશ્વાસ રાખીને આત્મભોગ આપતો નથી, તે સમાજનો વિકાસ પણ બરાબર થતો નથી.

જે ધર્મના માણસો સદ્ગુણો એ જ મુક્તિનો માર્ગ છે એમ કહે છે પરંતુ તે પ્રમાણે પ્રવૃત્તિ કરતાં નથી તેઓ પોતાના ધર્મને જ વગોવે છે. અને પોતાના હાથે જ પોતાનો નાશ કરે છે.

જે ધર્મનાં પ્રવર્તકોમાં ઉત્તમ સદ્‌ગુણો હોતા નથી, તેઓ પાણીયારાના મુનશીની જેમ પોતાના ધર્મને, પોતાના ઘરની બહાર ફેલાવો કરવાં સમર્થ થતાં નથી.

જે મનુષ્યો દુનિયાને તારવા ઇચ્છે છે તેઓએ તો ઘણી દયા રાખવી જોઈએ. જેને દરેક જીવ ઉપર દયા નથી તેમજ જે કોઈ દુઃખીને જોઇને કરુણા લાવતો નથી તે માણસના રૂપમાં રાક્ષસ છે. તેવા માણસો પ્રભુનો ધર્મ પાળવાને લાયક નથી.

જે ધર્મનાં સમાજનું બંધારણ ઉત્તમ હોતું નથી તે ધર્મના સમાજની પ્રગતિ બરાબર થઈ શકતી નથી. **જૈન**સંઘ તેમજ **જૈન** સમાજનું બંધારણ વ્યવસ્થિત કરવાની હાલ ખૂબ જ જરૂર છે. **જૈન** સમાજનું બંધારણ જો અત્યારે સુધારીને ફરીથી સુવ્યવસ્થિત રીતે ઘડવામાં નહિ આવે તો ભવિષ્યમાં ખૂબ જ નુકશાન થશે. **જૈન**સંઘનાં સુવ્યવસ્થિત બંધારણના અભાવને લીધે, હાલનાં સુવર્ણમય સમયમાં જૈનોમાં ઝગડાના વિષવૃક્ષો ઊગે છે અને દિનપ્રતિદિન વધતાં જ જાય છે.

જમાનો વીજળીના વેગે આગળ વધી રહ્યો છે જ્યારે જૈનો કીડીવેગે ચાલી રહ્યા છે. આ રીતે જૈનો જમાનાને શી રીતે પહોંચી શકે ?—આ માટે ભાવીભાવ પ્રબળ છે એમ માની બેસી રહેવું એ કોઈ પણ રીતે યોગ્ય નથી. પાંચમા આરાનો દોષ છે એમ માનીને જો જૈનો નિષ્ક્રીય જ બની રહેશે તો ભવિષ્યમાં તેઓ બહુ આગળ નહિ વધી શકે.

આ માટે કોઈ પણ જાતની ધાર્મિક પ્રગતિની ક્રિયા કરવી જ જોઈએ. આ માટે ભાવિના ઉદરમાં શું છે તે જોવાની જરૂર નથી. આપણે તો આપણી ધાર્મિક, સામાજિક ઉન્નતિનાં શિખરે જ પહોંચવાનો પ્રયત્ન કરવો જોઇએ. સારું કામ કરવાથી સારું જ ફળ મળે છે એમ નિશ્ચય કરીને આગળ વધવા પ્રયત્ન કરવો જ જોઇએ.

**[ ધાર્મિક ગદ્ય સંગ્રહ. પા. ૩૫૨ ]**

# પ્રગતિની પગથાર

૧. ભિન્ન ભિન્ન ગચ્છ સંઘાડામાં વ્હેંચાયલા શ્રાવકો, શ્રાવિકાઓ સ્વગચ્છીય સાધુઓ અને સાધ્વીઓની પ્રગતિ થાય એવા ગચ્છનાયક આચાર્યાદિ જે જે ઉપાયો બતાવે તે તે ઉપાયો પ્રમાણે પ્રવર્તવા પ્રયત્નશીલ થવું.

૨. શ્રાવકો અને શ્રાવિકાઓએ સ્વધર્મીઓની સંખ્યા વધે એવા ઉપાયોને આચાર્યાદિની અનુજ્ઞા પૂર્વક ગ્રહણ કરવા અને ગુરુકુળો વગેરેની સ્થાપના કરીને જૈન બાળકોને ધર્મ સંસ્કાર પૂર્વક ઉત્તમોત્તમ કેળવણી આપવા પ્રયત્ન કરવો.

૩. જૈન કોમની સંખ્યા વૃદ્ધિમાં પ્રતિબંધક એવી પ્રવૃત્તિઓને હઠાવવી અને જૈન કોમની સંખ્યા વધે તથા જૈનોમાં પરસ્પર સંપ, વિશાળ દૃષ્ટિ અને પરસ્પર સહાય મળે એવા વિચારો ફેલાવવા પ્રયત્ન કરવો.

૪. સ્વગચ્છ આચાર્યાદિઓની તથા મહાસંઘના ગ્રહસ્થ નેતાઓની સાથે ઐક્યભાવ ધારણ કરીને શ્રાવકોએ અને શ્રાવિકાઓએ જૈનધર્મની સેવામાં અપ્રમત્તપણે આત્મભોગ આપવા તત્પર થવું.

૫. સ્વગચ્છના આચાર્યના પ્રમુખપણા નીચે સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓનો અને ગચ્છ સંઘ ભેગો મળે અને પરસ્પર પ્રગતિના વિચારો કરે તેવી વ્યવસ્થા શ્રાવકોએ અને શ્રાવિકાઓએ કરવા યોગ્ય છે, અને તે તેઓએ ઉપાડી લેવી અને આચાર્ય સાધુઓને વિજ્ઞપ્તિ કરી વાર્ષિક ગચ્છ પરિષદ મેળવવી.

૬. સર્વ ગચ્છ મતાદિવાળાં જૈનોનાં બાળકો ભણે એવી જૈન કોલેજો ઉઘાડવી જોઈએ અને સર્વ જૈનોનું ઐક્ય થાય તથા તેઓની પ્રગતિ થાય, એવું તેમાં ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ કે જેથી મહાસંઘના પ્રત્યેક અંગની ભવિષ્યમાં પુષ્ટિ તથા પ્રગતિ બની રહે.

(૭) સર્વ ગચ્છમતાદિ ભેદ વિશિષ્ટ શ્રાવકોએ અને શ્રાવિકાઓએ વર્ષે વર્ષે અમુક તીર્થ સ્થળે એક મહાસંઘ મેળવવો જોઇએ. સર્વ ગચ્છના આચાર્યો-ઉપાધ્યાયો—સાધુઓ અને સાધ્વીઓને તેમાં બેસવાની યથાયોગ્ય વ્યવસ્થા કરવી અને સર્વ સાધુઓને અને સાધ્વીઓને એકઠા થવા વિજ્ઞપ્તિ કરવી. પશ્ચાત જેઓ ભેગા થાય તેઓમાં ઐક્ય વધે એવા તાત્કાલિક જે જે ઉપાયો લેવા ઘટે તે લેવા અને ચતુર્વિધ મહાસંઘ વર્ષે વર્ષે અગર બબ્બે વર્ષે મળી પ્રગતિ કરે એવા ઉપાયો લેવા.

૮. શ્રાવકોએ અને શ્રાવિકાઓએ સાંસારિક કેળવણીની અભિવૃદ્ધિ થાય, એવી સ્કોલરશીપો દ્વારા વ્યવસ્થાઓ કરવી અને જૈન વ્યાપારની વૃદ્ધિ થયા,

એવા ઉદ્દેશથી વ્યાપારિક કોન્ફરન્સો ભરવી.

૯. પરસ્પર શ્રાવકોએ અને શ્રાવિકાઓએ એક બીજાને સહાય કરવી અને એક મોટું લાખો કરોડો રૂપિયાના ફંડમાંથી પારસીઓની પેઠે જેને જેટલી ધન સહાયતાનો ખપ હોય, તેટલી તેને અમુક નિયમિત નિયમો પૂર્વક આપવી.

૧૦. જૈનોના ઝઘડા જૈનો કેટલાક શાન્ત કરે એવી મહાસંઘના અગ્રગણ્યો દ્વારા વ્યવસ્થા કરવી.

૧૧. જમાનાને અનુસરી જૈનોની વ્યાવહારિક પ્રગતિ થાય તથા ધાર્મિક પ્રગતિ થાય એવા માર્ગે જૈનોની લક્ષ્મી ખર્ચાય એવી વ્યવસ્થા કરવી અને લક્ષ્મીનો જે જે માર્ગે વર્તમાન સમયે વ્યય ન કરવા જેવી હોય તે તે માર્ગે વ્યય થતો અટકાવવો.

૧૨. દેવ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય, સાધારણ દ્રવ્ય વગેરે જે જે ખાતાંઓ ભારતવર્ષમાં ગામોગામ, શહેરો–શહેર અને તીર્થ સ્થળોમાં ચાલતા હોય તેઓને પરસ્પર અમુક વ્યવસ્થિત નિયમોથી જોડી દઈને તેઓને એક મહાસત્તા તળે રાખવાં અને તે ખાતાંઓની વ્યવસ્થા સંભાળીને સર્વ ખાતાંઓ સુધારવાં.

૧૩. આચાર્યોને, ઉપાધ્યાયોને, પંન્યાસોને, સાધુઓને અને સાધ્વીઓને ગામોગામ, શહેરો શહેર, દેશો દેશ વિહારની સગવડતા કરી આપવી અને તેઓની સેવા ભક્તિમાં સર્વત્ર સર્વ શ્રાવકો ઉપયોગી રહે એવો બંદોબસ્ત કરવો.

૧૪. હાનિકારક રીવાજોનો અટકાવ કરવો. કુરીવાજોનો ત્યાગ કરવો અને જૈન કોમમાં સર્વત્ર જૈનોની પ્રગતિ થાય એવા ઠરાવો કરાવવા અને તે પ્રમાણે વર્તાવવા પ્રયત્ન કરવો.

૧૫. જૈન સાધુઓની, સાધ્વીઓની હીલના નિંદા કરનારાઓને અટકાવવા પ્રયત્ન કરવો, ગરીબ જૈનોને વ્યાપારાદિક વડે ખાનગીમાં સહાય કરવી અને જૈન ગણાતો મનુષ્ય કોઈપણ સ્થાને ભીખ માંગતો ન ફરે એવા જૈનાશ્રમો સ્થાપવા.

૧૬. વર્ષે વા બે વર્ષે મહાસંઘ ભરવામાં આવે તેમાં ભેદ–તડ વગેરે પડયા હોય તેને સમાવવા એક જૈનોની અગ્રગણ્ય કમિટી નીમી અમુક વખત સુધી પ્રયત્ન કરે એવો પ્રબંધ કરવો; જૈનોની સંખ્યા સાથી ઘટે છે તેના ઉપાયો શોધી જૈનો વધે એવા ઠરાવો પસાર કરવા અને તે પ્રમાણે વર્તવું.

**(શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર, પાન નં. ૫૪ થી ૫૭)**

★

# મુખડા દેખો દર્પનમેં

દેહ દેવળમાં અસંખ્ય પ્રદેશી દેવ વસે છે, એવું તમે શ્રદ્ધાપૂર્વક માનો છો તેની ખાતરી શી? જો તમે માનતા જ હો કે શરીરમાં પરમાત્મા છે તો ત્યાં તમે તેને શોધો. પણ તમે ત્યાં નથી શોધતા એ શું દર્શાવે છે? એ જ તમને શરીરમાં વ્યાપી રહેલા અસંખ્ય પ્રદેશી પરમાત્મા સત્તાએ છે તેની ખાતરી નથી, ખાતરી થઇ હોય તો પણ તમને અગત્ય જણાઇ નથી.

કૂવામાં જળ છે એવુ જાણવા છતાં તૃષાતુર મનુષ્ય કૂવામાંથી જળ કાઢવાનો પ્રયત્ન ન કરે તો શું સમજવું? એજ કે તેને હજુ તરસ બરાબર લાગી નથી અથવા આળસુનો એદી છે. તેમ તમે પણ શરીરમાં પરમેશ્વર છતાં તેની ખાતરી કરી તેનું સ્મરણ કરતા નથી. તેથી એમ સિદ્ધ થાય છે કે તમારે તેની જરૂર નથી, અથવા તમે આળસુના એદી છો.

આત્મા એ શું છે? સર્વ સુખનું નિધાન છે, સમગ્ર કલ્યાણનો ભંડાર છે. સમગ્ર શક્તિનો મહોદધિ છે. કૈવલ્ય જ્ઞાનનો નિધિ છે. સુખ, અશ્વર્ય, કલ્યાણને તો તમો રાત્રી દિવસ ઇચ્છો છો. એ પ્રાપ્ત કરવા તો તમે રાત્રી દિવસ મરી ફીટો છો. એ પ્રાપ્ત કરવા માટે રાત્રી કે દિવસ તમે જોતા નથી. તડકો કે ટાઢ, ભૂખ કે તરસ તમે જોતા નથી, અને તે સુખ-કલ્યાણ મેળવવા જન્મથી તે મરણ પર્યંત અપાર પ્રયત્ન કરો છો.

ગમે તેવા ભયંકર સ્થળમાં કે દેશાંતર જવું હોય તો સુખને માટે તમે જાઓ છો, મરણનો ભય પણ ગણતા નથી, તેના કરતાં જેમાં સત્ય અનંત સુખ રહેલું છે. એવા આત્મરૂપ પરમાત્માના સામુ તો કદિ પણ જોતા નથી, પરમાત્માનું જ્ઞાન પણ સદ્ગુરૂ પાસેથી સાંભળતા નથી, અને સદ્ગુરુ જો તમને તે આત્મરૂપ પ્રભુનું સ્વરૂપ સમજાવે છે તો પણ તમને તે તરફ પ્રીતિ થતી નથી, આ સર્વ શું બતાવે છે? કે તમે તે પરમાત્માના સુખનો અનુભવ જાણ્યો નથી અને તે તરફ લક્ષ્ય આપ્યું નથી.

ખરેખર સુખ અંતરમાં છે, બાહ્ય પદાર્થમાં સુખ નથી, શાંતિ ખરેખર આત્મામાં જ છે, બાહ્ય નથી, જ્ઞાનવાન સુખને પોતાનામાં શોધે છે ત્યારે અજ્ઞાની સુખને જગતના દ્રશ્ય પદાર્થોમાં શોધે છે.

યાદ રાખો, યાદ રાખો કે સુખ આત્મામાં છે, આત્મામાંથી જ તે સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવવો એ કદી પણ નિષ્ફળ ન જાય એવો અમોઘ ઉપાય છે.

સુજ્ઞ સુખ સાધકો! સમજો કે હોજમાં અથવા ટાંકીમાં બહારથી આણીને ભરેલું જળ થોડા દિવસમાં ખાલી થઇ જાય છે, પરંતુ પાતાળ ફોડીને કૂવામાં કાઢેલું પાણી સદા અખૂટ રહે છે, લાગટ તે પાણીને પાંચ પાંચ

ક્રોસ વડે કાઢવામાં આવે તો પણ તે ખૂટતું નથી આ શું તમારા સમજવામાં નથી? સમજો છો તો પણ તે પ્રમાણે વર્તાતું નથી; આ શું ઓછી ખેદકારક વાત છે?

આત્મા એ પાતાળી કૂવો છે, અને તેમાંથી સુખ રૂપ જળ પ્રાપ્ત કરવાને જેઓ અંતર પ્રયત્ન સેવે છે, તેમને સુખ અનંત મળે છે, આત્માનું સત્ય સુખ કદાપિ નષ્ટ થવાનું નથી.

આ કથનનું તાત્પર્ય શું છે? એ જ કે આત્મ સ્વરૂપ પ્રતિ અભિમુખતા સાધવી—આત્મ સ્વરૂપમાં સંલગ્ન થવું. વૃત્તિની એકાગ્રતા પૂર્વક આત્મધ્યાન કરવું, એ સર્વ પ્રકારના પ્રયત્નોમાં શ્રેષ્ઠ પ્રયત્ન છે. એ સિદ્ધાંત સત્ય ભાસતો હોય તો એ સિદ્ધાંત સ્વીકારો, અંધશ્રદ્ધાથી સ્વીકારતા નહિ. પરંતુ ન્યાય પુરઃસર વિચાર કરીને તે સિદ્ધાંત સ્વીકારો. યથાર્થ સ્વીકારવાની તથા યથાર્થ શ્રદ્ધાનીજ પ્રથમ આવશ્યક્તા છે.

તમો સંકલ્પ વિકલ્પ દૂર કરો. વિચાર ઓછા કરો અને આત્મપ્રતિ અભિમુખતા સાધો. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના સંકલ્પ વિકલ્પથી જ અમુક પ્રકારના શરીરની રચના થાય છે. પરભાવ સંકલ્પ વિકલ્પ એજ ગતિ આ ગતિનો હેતુ છે. કીડીઆરાની પેઠે તમારા મનમાં ખરાબ વિચાર ઉભરાવા દો નહિ. કોઈ પણ વસ્તુ સંબંધી ચિંતાના વિચારો કરો નહિ. ચિંતાનો વિચાર ઉધેહી સમાન છે. જેમ ઉધેહી જેને વળગી તેનો નાશ કરે છે. તેમ ચિંતાના વિચારો જેને લાગ્યા તેનો નાશ કરે છે. તમે ખરાબ વિચારને મનમાં રહેવાની જગ્યા આપો નહિ.

જો તે મનમંદિરમાં ખરાબ વિચારોએ પ્રવેશ કર્યો તો આખા મનમંદિરને ખરાબ કરી નાંખવાના, અને તેથી મનમંદિરમાં આત્મરૂપી પરમેશ્વર બિરાજમાન થશે નહીં. એ ખરાબ વિચારોથી મનમંદિર અપવિત્ર થઈ જશે. માટે ખરાબ વિચાર આવતાં તુરત તેને રોકવા, અને સારા વિચાર કરવા, અગર સારાં અધ્યાત્મ પુસ્તકો વાંચવા બેસી જવું.

ખરાબ વિચારો એક પછી એક પ્રસંગવશાત્ જોરથી મનમાં પેસવા આવે અને તે તેમ કર્યાં ખસે નહિ તો તમો ઊંચે સ્વરેથી સારાં સારાં વૈરાગ્યકારક પદો, ભજનો, સ્તવનો ગાજો અને તે સ્થાન બદલજો એટલે ખરાબ વિચારોનું જોર ચાલશે નહીં અને પોતાની મેળે વિદાય થશે એટલે તમારું મનમંદિર પવિત્ર રહેશે, અને આત્માના વિચારો કરવાથી તુરત તમને આનંદ શાંતિ સુખ મળશે, અને તમારો આત્મા નવીન કર્મથી મલિન થશે નહિ.

આનુ બહુ મનન કરજો, અને પ્રત્યેક ક્ષણે આ પ્રમાણે વર્તવાની ટેવ પાડવાથી તમારો આત્મા સહેજે ઉત્તમ ગુણવાળો થશે, અને તમે મોક્ષ સુખ પ્રકટાવશો એમ તમને વિશ્વાસ આવશે.

## સ્ત્રી પુરુષની નજરે—

બેનનાં પોતાનાં તો આચાર વિચારનાં ઠેકાણાં નથી અને સાધુ સંસ્થાના શિથિલાચારનાં ચર્ચાપત્રો લખે છે ?

બેનને ઘેર મોડું થાય એટલે— 'લે દેવ ચોખા ને મૂક મારો છેડો.' એમ કરી ભાગે છે પણ રસ્તામાં બેનપણી સાથે ખાસો કલાક ભાંગી નાંખે છે !

*

બેને ઓળીનું પારણું તો હજી આજે જ કર્યું છે અને સાંજે તો દાળના મસાલા માટે વહુની વળ કાઢી નાંખી !

*

બેન ઉપાશ્રયના સામણ છે એટલે પોતાને જાણે લશ્કરી વડા સમજી સાધ્વીજી મહારાજને પણ ધમકાવી નાંખે છે ?

*

બેન સીનેમાની ટીકિટ લેવા તો કલાક કલાક સુધી લાઈનમાં ઊભા રહે છે જ્યારે પ્રભાવના વખતે તો તે ધક્કા મૂકી જ કરે છે !

—સમીર

## જવાહરલાલ અને જીવદયા

[૧૯૩૮ની આ વાત છે. સ્વર્ગસ્થ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ, શ્રીમતિ પૂર્ણિમા બેનરજી તેમજ હાલના આપણા વડા પ્રધાન શ્રી. લાલબહાદુર શાસ્ત્રી, ચુંટણી પ્રવાસે નીકળ્યા હતા. એ પ્રવાસની એક યાદગાર સ્મૃતિ અહીં રજુ કરવામાં આવે છે. વાચકો જોઈ શકશે કે બહારથી નાસ્તિક દેખાતાં શ્રી. નહેરુ અંતરથી કેટલા આસ્તિક અને અહિંસા પ્રેમી હતાં. —સં.]

શ્રી. શાસ્ત્રી નહેરુજીની સાથે મોટરમાં દિલ્હી જઈ રહ્યા હતાં. મોટરનું ડ્રાયવીંગ ખૂદ નહેરુ કરતા હતાં—આ પ્રસંગની એક વાત છે.

મેં નહેરુજીને વિનંતી કરી કે મને 'આનંદ ભવન' ઉતારી દે. ત્યાંથી હું મારે ત્યાં ચાલ્યો જઈશ.

## આમને

પણ તેઓ માન્યા નહિ. અને મારા મકાન સુધી મને મુકવા આવ્યા. મોડું થઇ ગયું હતું એટલે તેમણે મોટરની ગતિ થોડી તેજ કરી અને કમનસીબે મોટરના બારણાના હાથા સાથે એક ગાય ટકરાઈ.

તેને શીંગડામાં થોડી ઇજા થઇ. ત્યાં કોઇ જ હતું નહિ છતાં જવાહરલાલે મોટર બંધ કરી, ગાય પાસે ગયા. મને કહ્યું–'હવે આનું શું કરવું જોઇએ?'

અમે લગભગ દશ મિનિટ ત્યાં થોભ્યાં. થોડીવારમાં ત્યાં ઘણા લોકો ભેગા થઈ ગયાં. ગાયનો માલિક પણ તેમાં હતો. નેહરુજીને જોતાં જ તેણે કહ્યું કે ચિંતા કરવાની જરૂર નથી. આપ જઇ શકો છો.

પરંતુ જતાં પહેલાં જવાહરલાલે તેના માલિકનું નામ અને સરનામું લઈ લીધું.

પ્રથમ મને મારે ત્યાં પહોંચાડી તેઓ આનંદ ભવન ગયા.

અને બીજે જ દિવસે સવારના પહોરમાં ગાયની સારવાર માટે તેના માલિકને, તેમણે ત્રીસ રૂપિયા મોકલી આપ્યા.

—શ્રી. લાલબહાદુર શાસ્ત્રી

# સામને

# પુરુષ —સ્ત્રીની નજરે

ભાઈ કુંકુમ તિલક કરાવવા માટે તો આના કાની કરે છે. પણ દેરે પૂજા કર્યા વિના પણ એ તો મોટા અને શિખરબંધી જ ચાંલ્લો કરે છે!

ભાઇ ચુંટણી સભામાં મોડા પડે છે તો જોડા પાસે ય ગોઠવાઇ જાય છે પરંતુ વ્યાખ્યાનમાં તો મોડા પડતાં, પાટ પાસે જ બેસવાનો આગ્રહ રાખે છે!

*

ભાઈ વ્યાખ્યાનમાં તો મોટા અવાજે 'જી—તહત્તી' બોલે છે પરંતુ ગુરુ ભગવંત જ્યારે કામની આજ્ઞા કરે છે ત્યારે તો ભાઈ મોં જ ખોલતા નથી!

*

ભાઈ નેતા અને અભિનેતાઓની છબીઓ તો ચિક્કાર લાવે છે, પણ ભગવાન કે ગુરુ ભગવંતનો ફોટો લાવવા માટે આશાતનાનું બહાનું કાઢે છે!

ભાઈ શાંતિસ્નાત્રમાં તો ઠાઠમાઠથી જાય છે. પણ સાથે ટ્રાન્ઝીસ્ટર લઇ જવાનું ભૂલતા નથી!

—સમીર

# બુદ્ધિપ્રભાના

## આગામી આકર્ષણ

જૈન જ્યોતિર્ધરોના ઐતિહાસિક દિવસો નિમિત્તે 'બુદ્ધિપ્રભા' પ્રાસંગિક અંકો બહાર પાડે છે. આજ સુધીમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય સ્મૃતિ અંક તેમજ મહોપાધ્યાયજી યશોવિજયજી સ્મૃતિ અંક પ્રગટ થઈ ચુકયા છે.

હવે બહાર પડશે.

## 'ગાંધી સ્મૃતિ અંક'

સન ૧૮૯૩ માં ભરાયેલ ચિકાગો પરિષદમાં સ્વ. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ જૈન સંસ્કૃતિનો વિજય ધ્વજ ફરકાવ્યો હતો. એ ગાંધીના દેહાંત થયાને ઓગસ્ટ માસમાં પૂરા સો માસ થશે. એ શતાબ્દિ નિમિત્તે 'બુદ્ધિપ્રભા' માહે ઓગસ્ટમાં બહાર પાડશે.

## 'ગાંધી સ્મૃતિ અંક'

ત્યાર બાદ

પર્વાધિરાજ પર્યુષણ નિમિત્તે બહાર પાડવામાં આવશે.

## પર્યુષણ વિશેષાંક

**કીંમત દોઢ રૂપિયો.**

**આ અંક સપ્ટેમ્બરની દસમીએ પ્રગટ થશે.**

રજનીકાંત પટેલ

# પાપના પંથેથી

( સત્ય ઘટના )

ભગવાન મહાવીરનો એક પણ શબ્દ નહિ સાંભળવાનો એણે નિર્ણય કર્યો હતો. પરંતુ રસ્તામાં પગે સજ્જડ ઠેસ લાગી, કાન પર દાબેલો હાથ છુટી ગયો. અને એના કાને અજાણે પણ ભગવાનની દેશના સાંભળી લીધી. અને એ દેશનાના પ્રતાપે અઠંગ ઉઠાવગીર, ચોર રોહિણી એક સંત બની ગયો !!

એવા જ એક આજના જમાનાના ઉઠાવગીર—ખીસ્સાકાતરૂની પાપના પંથેથી પાછા વળતી હૃદયદ્રાવક ને મંગળ એવી સત્ય ઘટના.

—સંપાદક.

મુંબઈનો માધવબાગ એટલે સત્સંગીઓનું ઠેકાણું. ગયા વર્ષે 'પુનિત' મહારાજે ત્યાં મોટો સમારંભ યોજેલો. ચોવીસે કલાક ત્યાં સત્સંગની ધારા વહે.

જ્યાં માનવમહેરામણ ઊમટે, ત્યાં હાથચાલાકી કરનારા પણ પોતાનો દાવ અજમાવી જાય.

સત્સંગીઓના ખિસ્સા ઉપર હાથ અજમાવવા એક અઠંગ ઉઠાવગીર આવ્યો. મહારાજશ્રીનું ભજન ચાલે. શ્રોતાજન ભજનરસમાં તરબોળ થઈ ગયેલાં.

ખિસ્સાકાતરુએ એક બાજુએ આસન જમાવ્યું. બાજ જેમ શિકારી નજર ફેરવે એમ એણે નજર ફેરવી લીધી. નજર ફેરવતાં ફેરવતાં તેની નજર પુનિત મહારાજ પર પડી. નજર ત્યાં જ સ્થિર થઈ ગઈ. નજર સ્થિર થઈ એટલે કાન પણ સ્થિર થયા.

મહારાજશ્રી કહી રહ્યા હતા. 'ભગવાને કલા આપી છે, એનો દુરુપયોગ થઈ રહ્યો છે. ખિસ્સાકાતરુને તો તમે જાણો છો ને? ભરબજારે આપણું ખિસ્સું હળવું કરી નાંખે તોય આપણને સમજણ ન પડે, એ કેવી કળા! હું પણ એક દિવસ એમના ઝપાટામાં આવી ગયો હતો. તમે બધા જાણો છો કે ભગતના

ઘરમાં ભૂલે ચૂકે ઉંદરડો પેસે તો એને ય અપવાસ થાય. તો આ ખિસ્સાકાતરૂઓ મારા ખિસ્સા ઉપર બ્લેડ મૂકે તો શું મેળવે? એમણે મેળવ્યું, અમૂલ્યું ધન મેળવ્યું. પણ એમને મન તો એ નિરર્થક હતું. એક હતી તુલસીની માળા, બીજો હતો મારા પ્રાણપ્યારા પ્રભુનો નાનકડો ફોટો. આ બે વસ્તુઓ તેઓ લઇ ગયા હોત તો તેઓ સાર્થક થઈ જાત, પણ એ લઇ ગયા પાંચ પચીસ રૂપિયા, લાઉડ-સ્પીકરની એક પરમિટ અને બીજા પરચુરણ કાગળિયાં. આવી કળા જાણનારા પોતાની કળા સારા રસ્તે વાપરે તો જીવન સાર્થક થઇ જાય, પણ આજે તો માનવી પોતાની કળા અવળે માર્ગે વાપરી રહ્યો છે!'

મહારાજશ્રીના અમૃત ઝરતા શબ્દો ખિસ્સાકાતરૂના કાને અથડાયા. એ તો મનમાંને મનમાં ઊંડો ઉતરી ગયો. એનો આત્મા જાગી ગયો. પોતાનાં પાપી કામો ઉપર એને તિરસ્કાર આવ્યો. કઠણ પથરા જેવું જેનું હૃદય હતું તે આજે સહેજ કૂણું પડયું. સત્સંગને પડછાયે પણ ન ઊભો રહેનાર આજે સત્સંગની સરિતામાંથી અમૂલાં મોતી વીણી રહ્યો.

ભજન પૂરૂં થયું. સત્સંગીઓ ઘર તરફ વળ્યા. આજે ખિસ્સાકાતરૂઓની નજર લોકોના ખીસ્સા તરફ નથી. તેની નજર મહારાજશ્રીના પુનિત વદન પર જડાયેલી છે. ધીમે પગલે તે પાસે આવ્યો અને ચરણમાં માથું ઢાળી દઈ પોસપોસ આંસુએ રડયો.

મહારાજશ્રીનો વરદહસ્તે એમના માથે ફરી રહ્યો. ઊભો કરીને પૂછ્યું; 'ભાઈ આપ કયાંથી આવો છો? આટલું બધું રડો છો કેમ? કાંઈ દુઃખ છે?'

એણે ઊભા થઇને આંખો લૂછી અને સવિસ્તર વાત કહી. મહારાજશ્રીએ કહ્યું: 'ભાઇ, જાગ્યા ત્યારથી સવાર ગણો. અણહકનું ખાવાનો વિચાર માંડી વાળો. કોઇએ દિનભર કાળી મજૂરી કરીને પાંચ પંદર રૂપિયા બચાવ્યા હોય અને તમારી એક જ બ્લેડ ફરે કે બિચારો હાથ ઘસતો રહી જાય. એના આત્માને કેટલું દુઃખ થતું હશે? એક વાત હૈયાની ભીંત પર લખી રાખજો કે: તમે જે પાપભર્યા રાહે વિચરી રહ્યા છો એમાંથી તમે મનમાન્યા પૈસા મેળવતા હશો, પણ એમાં અંતરનો આનંદ નહિ હોય. અંતરનો આનંદ મેળવવો હોય તો મહેનત કરો અને જે મળે એમાંથી નિર્વાહ કરો.'

મહારાજ તમારી વાત સાચી છે, હું આ ટોળીનો એક સભ્ય છું. આખા મુંબઇમાં જ્યાં જ્યાં ખિસ્સાં કપાય છે ત્યાં ત્યાં અમારા માણસો જ હોય છે.

એમાંથી અમને જે કાંઈ મળે છે તે બધું અમારા હાથમાં આવે છે. રોકડ ઊપજે એવા દરદાગીનાને તો વેચીને ઠેકાણે પાડી દઈએ છીએ. બાકી નકામાં જેવા કાગળિયાં પડ્યાં રહે છે !'

'ત્યારે તો મારાં પણ કાગળિયાં આવ્યાં હશે ?' મહારાજે પૂછ્યું.

'હા તમારાં કાગળિયાં પણ હશે. એની તપાસ કરીને આજકાલમાં આપી જઈશ.'

'ભાઈ, એ કાગળિયાં મળે ન મળે, એની ચિંતા નથી. પણ ભલા થઈને આ પાપભર્યો રાહ છોડજે. ભગવાન એમાં રાજી રહેશે. એક સત્ય હૈયામાં નોંધી રાખજે, જે વ્યકિત દુનિયાને રડાવીને આનંદ માને છે, એને ભગવાન પણ રડાવીને આનંદ માને છે, અંતરને હસતું રાખવું હોય તો લોકોની આંખ હસતી રહે તેમ વર્તજે !'

મહારાજશ્રીને ખોળે માથું મૂકીને એ ચાલતો થઈ ગયો. બીજે દિવસે એ આવ્યો. પેલી લાઉડસ્પીકરની પરમિટ, બીજાં એચાર કાગળિયાં અને પચીસ રૂપિયા–મહારાજશ્રીના પગમાં આ બધું મૂકતાં કહ્યું. 'મહારાજ, આ તમારા પચીસ રૂપિયા અને આ બીજાં કાગળિયાં. આજ સુધી મેં જાળવ્યાં, હવે આ થાપણ આપને સોંપું છું.'

એ દિવસથી એણે પાપભર્યો રાહ છોડ્યો અને પુનિત પંથે પ્રયાણ કર્યું.

★

## ગતાંકનો મહત્વનો સુધારો

**સુજ્ઞ શેઠશ્રી બાબુભાઇ,**

સવિનય વિનંતી સાથે લખવાનું કે જુન 'બુદ્ધિપ્રભા' ના શાસન સમાચારમાં આપની શુભ પ્રવૃત્તિઓની નોંધ લેતા, અજાણતાં જ અને બેખબરથી આપના પૂજ્ય પિતાશ્રી પોપટલાલભાઇની મારાથી ખોટી માહિતી અપાઈ ગઈ છે. તે બદલ હું આપની તથા તમારા પૂજ્ય પિતાશ્રીની ત્રિવિધે ક્ષમા માગું છું.

આપના પિતાશ્રી હાલ હરકીશન હોસ્પીટલમાં સારવાર લઇ રહ્યા છે. તેમની તંદુરસ્તી જલ્દી બની રહે એ જ પ્રભુને પ્રાર્થના.

લી. **ગુણવંત શાહ, સંપાદક.**

# મોતની ઠોકર

ડૉ. રામયતનસિંહ
( ભ્રમર )

**લેખકના જીવનમાં બનેલી એક દર્દ ભરપૂર દાસ્તાન.**

લગભગ ચાર વર્ષ પહેલાંની વાત છે. થોડા મહીનાઓ પહેલાં જ મારી પત્ની ભયંકર પ્રાણઘાતક રોગમાંથી મુક્ત થઇ હતી. એની માંદગીમાં મારી જીવનભરની કમાણી સ્વાહા થઈ ગઇ હતી. ખુશી એટલી હતી કે મારાં ચાર બાળકોની સ્નેહમયી માનો પ્રાણદીપ, મૃત્યુના ઝંઝાવાત સાથે ટક્કર ઝીલતો, પોતાની જ્યોતિ પ્રકાશિત રાખવામાં સફળ થયો. પરંતુ ઇશ્વરની કંઈક જુદી જ ઇચ્છા હતી. એક દિવસ અચાનક બાથરૂમમાં પત્નીનો પગ લપસી ગયો. એના ડાબી બાજુનાં ફેંફસામાં તરાડ જેવું થઇ ગયું. પગ અને કમ્મરમાં પણ વાગ્યું. અને સાથે સાથે એ માસનો ગર્ભપાત થઈ ગયો. રક્તસ્રાવ અને અતિશય પીડાએ વળી પાછી મારી પત્નીને મૃત્યુના મ્હોંમાં ધકેલી દીધી.

એને જેમ તેમ દવાખાને પહોંચાડી. ઘણી વિકટ પરિસ્થિતિ હતી. ખિસ્સામાં પૈસા નહોતા. ડોકટરોએ દવા અને ઇન્જેકશનોની લાંબી સૂચિ આપી. મિત્રોનાં બારણાં ખખડાવીને થોડા પૈસા ભેગા કર્યા.

ડોકટરોએ પાંચ છ કલાક તનતોડ મહેનત કરી પરંતુ લોહીનું દબાણ ૬૦ થી ઉપર ન આવ્યું. અંતે તેઓ નિરાશ થઇને બોલ્યા, ' મિસ્ટર સિંહ, પ્રયત્ન તો ખૂબ કર્યો પરંતુ કોઇ આશા દેખાતી નથી. કદાચ લોહી આપવાથી કંઈક ફેર પડે. છેલ્લો પ્રયાસ છે. આગળ ઇશ્વરેચ્છા !' મેં સ્વીકૃતિ આપી દીધી. બાળકો મા વિનાનાં બને તે પહેલાં એમને એમની જન્મદાત્રીનાં અંતિમ દર્શન કરાવી દઉં, એ વિચારે મારા ભાઇને ઘેર જઇને બાળકોને લઈ આવવાનું કહ્યું.

થોડા સમયમાં એ બધાં દવાખાને પહોંચી ગયાં. પાંચ વર્ષનો મુન્ના (અનિલ) મને જોઇને, 'બાપુજી, બાપુજી' બોલતો બોલતો મારા તરફ દોડયો.

વરંડામાં મૂકેલી બેંચ સાથે અફળાઇને તે પડી ગયો, માથામાંથી લોહીની ધારા વહેવા લાગી. હૃદય પર પથ્થર મૂકીને મેં મુન્નાના માથા પરથી લોહી લૂછયું. 'હે ભગવાન, આ કેવી પરીક્ષા!' મારા મ્હોંમાંથી નિસાસો સરી પડયો. એટલામાં ડોકટરે આવીને કહ્યું, 'મિસ્ટર સિંહ, ૭ બાટલી લોહી ચડાવ્યું, પરંતુ હવે જીવનની આશા વ્યર્થ છે.' ડોકટરને જોઇને છોકરો ચુપ થઈ ગયો.

'તો એકાદ બાટલી હજુ આપી જુઓ ડોકટર,' મારો કંઠ રૂંધાઈ ગયો.

'કોઇ ફાયદો નહિ થાય. અંતિમ ઘડીઓ છે. બાળકોને મેળવી દો,' કહીને ડોકટર ચાલ્યા ગયા. મુન્નાને તેડીને ઊઠયો એટલે એણે પૂછયું, 'બાપુજી, માને લોહીની જરૂર છે?'

'હા બેટા,' હું આંસુને રોકી ન શકયો,

'લોહી આપવાથી તે સાજી થઇ જશે?'

'હા,'

'તો મારું લોહી આપો. જુઓને મારા માથામાંથી કેટલું લોહી વહે છે, એ ભેગું કરીને આપો એટલે મા સાજી થઈ જાય.'

હોઠ દબાવતો હું મુન્ના અને બાળકીઓને લઇને મૃત્યુ મુખી મા પાસે પહોંચ્યો. એ ડૂસકાં ભરતી હતી. મુન્નાએ એને જોઈ. એ એની છાતી પર ઝૂકી ગયો. એના માથા પરથી લોહીનું એક ટીપું માના હૃદય પર પડયું અને ડૂસકાં ભરતાં છોકરો બોલ્યો, 'મા.'

મારું રૂંવેરૂવું ચીત્કાર કરી ઊઠયું. પરંતુ એવામાં માનાં ડૂસકાં અટકી ગયાં. એના હોઠ જાણે કંઇક કહેતા હતા, 'બેટા,' અને થોડીવાર પછી ડોકટરોના નિરાશ મ્હોં ખીલી ઊઠયાં, 'આશ્ચર્ય કહેવાય, મિ. સિંહ, રોગી હવે ભયમુકત છે. તમારા દીકરાનું ભાગ્ય બળવાન છે.'

રોગીણી ધીરેધીરે ભાનમાં આવતી હતી. હું મુન્નાને ખોળામાં લઇને, ત્યાં જ પાગલની જેમ રડતો હતો. મારી આંખમાંથી સતત ધારા વહેતી હતી. બધું ખોઇ બેસીને પણ હું પ્રસન્ન હતો, સુખી હતો, ખુશ હતો. મારી પત્નીએ એક વાર ફરીથી મોતને હરાવી દીધું. એ મુન્નાના માથામાંથી નીકળેલા છેલ્લા નિર્દોષ ટીપાથી ડરીને નાસી ગયું. એ ક્ષણ મારા જીવનની સૌથી આનંદમય ક્ષણ હતી. હજુ મુન્નાના માથા પર એ છેલ્લા ટીપાની નિશાની છે, જે આપીને તે માને મૃત્યુ પાસેથી પાછી લાવ્યો હતો.

⊙

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજની જ્ઞાન-પ્રતિભા

કુ. પદ્મા ફડિયા
M. A. P. H. D.

આકાશમાં અનેક તારાઓ ઊગે છે; પરંતુ એમાંથી કોઈક તેજસ્વી તારકનું તેજ સારાયે આકાશને શોભાયમાન બનાવી દે છે, એ જ રીતે આ દુનિયામાં હજારો, લાખો, કરોડો માનવી જન્મે છે ને જીવે છે ને મૃત્યુને પંથે પરવરે છે, પરંતુ એમાંથી કોઈક વીરલા જ આ દુનિયાને એમના ગુણ અને બુદ્ધિની પ્રખર તેજસ્વિતાથી અજવાળી જાય છે.

માનવી કર્મે અને ધર્મે સંસ્કાર પામે છે એમ કેટલાક માને છે. પરંતુ ખરી રીતે તો તે તેના વાતાવરણે, અભ્યાસે, અનુભવે અને દૃઢ મનોબળે મહાન બને છે. પછી તે ભલેને સામાન્ય કુળમાં જન્મ્યો હોય કે કોઈ મોટા અમીર ઉમરાવને ત્યાં પેદા થયો હોય.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ સામાન્ય માનવીને ત્યાં સામાન્ય કુળમાં જન્મ્યા. વિજાપુર એમનું જન્મસ્થાન પિતા શિવદાસ અને માતા અંબાબાઈ. એક વૈષ્ણવ ધર્મ પાળે અને બીજા શૈવધર્મને અનુસરે. આ બન્ને ભિન્ન ભિન્ન ધર્મોના પ્રવાહમાં તણાતા, ખેતી કરીને જીવન જીવતા, પશુઓ સાથે અવનવા ખેલો ખેલતા આ નાનો બાળ જીવ બહેચરદાસ બનીને આ સંસારમાં આવે છે. પણ આ શ્રમજીવી બાળ પોતાના જ્ઞાનયજ્ઞે કરીને જ એક પ્રખર સર્જક, આચાર્ય, અવધુત બનશે એની કોઈને ખબર જ ન હતી. હૈયામાં પરમ વિદ્વાન બનવાની એમની ભારે આકાંક્ષા હતી. અને એ આકાંક્ષાને પૂરી કરવા માટે જ શ્રમજીવીઓનાં ગુણોની પેઠે એમણે પણ બાળપણથી જ મા સરસ્વતીને ખોળે માથું નમાવી દીધું. દિવસો વીતતા ગયા અભ્યાસ વધતો ગયો. ચિંતન અને મનન રાતદિવસ મનમાં ઘુંટાવા લાગ્યું. અને આખરે સામાન્યતામાંથી અસામાન્યતા પ્રગટતી ગઇ બહેચરદાસ અંતે બુદ્ધિસાગર બન્યા. એક કવિ, એક સર્જક, એક ચિંતક અને એક જૈન મહામુનિનું પરમ સ્વરૂપ તે પામ્યા. માનવી પોતાના પુરુષાર્થથી, દૃઢ મનોબળથી મહાન બની શકે છે એ વાત સહેજે સમજી શકાઇ.

જૈન ધર્મના બે મુખ્ય સિદ્ધાંતો અહિંસા–દયા અને તપ. પ્રાણી માત્ર પ્રત્યે દયા તો બાળપણથી જ એમના હૈયે વસી ગઈ હતી અને તપ તો જ્ઞાની થવાની અભિલાષાએ જ આવી પડયું હતું. જો જ્ઞાની બનવું હોય તો પ્રમાદનો ત્યાગ કરવો, પ્રવૃત્તિમય જીવન ગાળવું, અધ્યયન કરવું અને કરાવવું, આત્માની ખોજ કરવી, ઇન્દ્રિયો પર સંયમ રાખવો, ચિંતન તથા મનન કરવું અને એમ કરતા કરતા આત્મપ્રકાશ મેળવવો. જ્ઞાનીનું આ કાર્ય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે આત્મ-

પ્રકાશની ખોજમાં સારીયે જિંદગી ખર્ચી નાંખી.

ગુરુ પ્રત્યે એમને પૂજ્ય ભક્તિભાવ હતો. ગ્રંથો પ્રત્યે વાત્સલ્યભાવ હતો. સાધુનું જીવન અભ્યાસના રટણમાં જ રમી રહે; અને સાધુ તો સર્વ કામના. એમની પાસે તો ન કોઈ રાય કે ન કોઈ રંક. ન કોઈ જાત કે ન કોઈ ભાત. જે કોઈ જ્ઞાન માટે તેમની પાસે આવે તો તેઓ હંમેશ જ્ઞાનની પરબ ખુલ્લી જ રાખતા.

કાવ્ય, ભજન, પદ, કવ્વાલી, ગહુંલી, સ્મૃતિ ગીતા, જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ વગેરે કેટકેટલાય ગ્રંથો એમણે લખ્યા છે. ભજન, કીર્તન, સ્મરણ અને સેવા એ શાશ્વત અનુભવો છે, સત્તાથી માનવી કશું જ પામી શકતો નથી. માનવીના અંતરમાં ઘણી સુપ્ત શક્તિઓ પડેલી છે. ચૈતન્ય તો મણિ છે, જો ચેતનનું ધ્યાન ધરીએ તો અહંભાવ નાશ પામે. રાગદ્વેષ, સુખદુઃખ, અજ્ઞાન એ બધું જ ચાલ્યું જાય. મનથી આત્મા જુદો છે, જો માનવી આત્માના સ્વભાવથી જીવે તો એને પરમ શાંતિ મળે છે. સાચી શ્રદ્ધા, વિશ્વાસ, સદ્‌ગુરુનો સંગ, નિશ્ચય અને આત્મભાન હોય તો માનવી ઊંચો ચડે છે.

સમભાવથી માનવી રહે, મનને જીતે, સંયમ ધરી ભોગનો ત્યાગ કરે, ચિદાનંદને જાણે તો તેના કર્માવરણો દૂર ખસે છે. ચેતનને સમજવાનું સૌનું પ્રથમ કાર્ય છે. આ ચેતનને સમજવા માટે ભક્તિની જરૂર છે. ભક્તિ સર્વ ગુણોની ખાણ છે. ભક્તિથી જ જીવ શિવ બને છે. ચેતન ભક્તિમાં જ શુદ્ધ પ્રેમ હોય છે. અને પ્રેમમાં હંમેશા ક્ષમા રહેલી છે. ભક્તિથી જ આત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી આમ ચેતન ભક્તિને માને છે. ત્યારે બીજી તરફ ચેતન જ જીવ, શક્તિ, ભક્તિ, કરતાં હતા અને પરમાતમ સ્વરૂપ છે એમ તેઓ માને છે. ચેતનના સેવન અને દર્શનથી જ માનવી શાશ્વત સુખ માને છે. બીજી વસ્તુ ભાવ છે. ભાવ જો માનવીમાં હોય તો તે ચેતનને ઓળખે છે. એમને મન ચેતનનું સાચું જ્ઞાન એ જ સાચી સિદ્ધિ છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી આત્મજ્ઞાનને મહત્ત્વ આપે છે એ કેટલું વાસ્તવિક અને બુદ્ધિગ્રાહી છે. know thyself અને **तत्त्वमसि** તું તારા આત્માને ઓળખ, એ તું જ છે. આ બન્ને સિદ્ધાન્તો સાથે શ્રી મહારાજજીનો સિદ્ધાંત તું તારા આત્માને ઓળખ કેટલો મળતો આવે છે? વળી તેઓ સર્વધર્મ સમભાવી છે એમ પણ જણાય છે. તેઓ કહે છે કે રાગદ્વેષનો નાશ કરીને આત્માની શુદ્ધિ કરવી, જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યનો માર્ગ શોધવો, સત્ય તત્ત્વનો સ્વીકાર કરવો તો જ માનવી પોતાને ઓળખી શકે છે.

★

અમારા બે પ્રકાશન

લે : ગુણવંત શાહ
સંપાદક
બુદ્ધિપ્રભા

કીંમત પચાસ નવા પૈસા (પોસ્ટેજ અલગ)

અભિનવ શૈલી, આધુનિક ઉપમાઓ અને સરળ ભાષામાં ચરમ તિર્થંકર ભગવાન મહાવીરની સારીય જીવન ગાથા વણી લેતી

એક અનોખી જ પુસ્તિકા

# આધુનિક મહાવીર

## અભિનવ

આ અંકના પહેલા બે પાના તમે વાંચ્યા ?

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજે સંસ્કૃત ભાષામાં લગભગ છસો શ્લોક પ્રમાણ પ્રેમ ગીતા લખી છે.

તેનો રસઝરતી શૈલીમાં ભાવાનુવાદ કરવામાં આવ્યો છે. પ્રેમનું પૃથક્કરણ સમજવા માટે વાંચો

કીંમત પચાસ નવા પૈસા (પોસ્ટેજ અલગ)

# પ્રેમ ગીતા

ભાવાનુવાદક
ગુણવંત શાહ

—: લખો :—
ભગવાન શાહ
C/o બુદ્ધિપ્રભા
૧૯/૨૧, પીકેટ ક્રોસલેન
મુંબઈ ૨

# શાસન સમાચાર

## અમદાવાદ

પૂજ્યપાદ અધ્યાત્મ જ્ઞાન દીવાકાર યોગનિષ્ઠ, સાહિત્ય સમ્રાટ સંત, યોગનિષ્ઠ **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના** ૩૯ મી પુણ્ય તિથિ પ્રસંગે અત્રેના ઝવેરીવાડ આંબલીપોળના ઉપાશ્રયે ભવ્ય એવો સમારોહ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગને બાદશાહી બનાવવા માટે શંખેશ્વર તરફથી ખાસ આ પ્રસંગ માટે જ વિહાર કરીને **મુનિરાજ શ્રી દુર્લભસાગરજી મ. સા.** અત્રે પધાર્યાં હતાં. તેમની શુભ પ્રેરણાથી જ આ પ્રસંગ ભારે ધામધૂમ ને ઉલ્લાસથી ઉજવાયો હતો. આ પ્રસંગનું સારુંય આયોજન અત્રેના જાણીતા કાપડના વેપારી **શ્રી લાલભાઈ ડાહ્યાભાઈ નરોડાવાળાએ** કર્યું હતું. આ સારોય પ્રસંગ વધુ યાદગાર બન્યો તેનો જશ તેમની ખંત અને કાર્યકુશળતાને તેમજ આંબલીપોળ વગેરેના નવે પોળના યુવાન કાર્યકરોને ફાળે જાય છે.

આ પ્રસંગ સાથે આંબલીપોળના ઉપાશ્રયમાં ગુરુદેવ અને સયાજીરાવ ગાયકવાડના મોટા ફોટાની અનાવરણ વિધિ કરવામાં આવી હતી. આ વિધિ ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના પ્રધાન **શ્રી ઈન્દુમતિબેન શેઠે** કરી હતી.

તે ઉપરાંત ગુરુદેવના અપ્રતિમ ગ્રંથ **કર્મયોગનું** અર્પણ પણ કરવામાં આવ્યું હતું. ડેપ્યુટી મેયર **શ્રી નરોત્તમદાસ કે ઝવેરીએ,** આ પ્રસંગના મુખ્ય અતિથિઓ **શ્રી વિજયકુમાર ત્રિવેદી** (અનાજ અને પુરવઠા ખાતાના પ્રધાન), **શ્રી ઉત્સવભાઈ પરીખ** (ખેતીવાડી ખાતાના પ્રધાન), **શ્રી ઈન્દુમતીબેન શેઠ** (શિક્ષણ ખાતાના પ્રધાન) આ **કર્મયોગ અર્પણ** કર્યો હતો. રાજ્ય પ્રધાનો ઉપરાંત વરસોડાના ઠાકોર સાહેબ **શ્રી જોરાવરસિંહજી** તેમના પુત્રો સાથે પધાર્યાં હતા. અને ખંભાતથી **પંડિત શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવી** પણ પધાર્યાં હતાં. મુખ્ય અતિથિઓમાં **ડૉ. પદ્માબેન ફડીયા** પી. એચ. ડી. એ પણ આ પ્રસંગે હાજરી આપી હતી,

મુખ્ય અતિથિઓએ ઘણી જ સચોટતા અને સંક્ષિપ્તમાં **શ્રીમદ્જીને** ભાવભરી અંજલિ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત થયેલ પૂજ્ય મુનિ ભગવંતોમાં **શ્રી યશોવિજયજી મ. સા.** તેમજ **મુનિરાજ શ્રી દુર્લભસાગરજી મ. સા.** પણ પ્રાસંગીક પ્રવચનો કર્યાં હતાં.

સભા, પૂજા તેમજ ભાવનામાં સંગીત ધૂન માધમ મંડળવાળા **શ્રી શાંતિલાલ મોતીલાલ પટેલ, શ્રી કનુભાઈ પાદરાકર** તેમજ **ગણેશભાઈ પરમારે** સંભાળી હતી.

આ સારોય પ્રસંગ પૂજ્યપાદ **આચાર્યદેવેશ શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરિજી** મ. સા. ની નિશ્રામાં ઉજવાયો હતો.



ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના પ્રધાન
શ્રી ઇંદુમતીબેન શેઠ, ગુરુદેવ અને ગાયકવાડના
તૈલચિત્રનું અનાવરણ કરે છે.



આ. મ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજી, મુનિરાજ
શ્રી નિરંજન વિજયજી તેમજ મુનિરાજ
શ્રી દુર્લભસાગરજી મ. સા.



શ્રી ઈન્દુમતીબેન શેઠ
શ્રીમદ્જીના શિક્ષણ અને ચારિત્ર્યને
અંજલિ આપી રહ્યાં છે.



**શ્રી વિજયકુમાર ત્રિવેદી**
શ્રીમદ્જીની ઉદાર ભાવનાને પ્રશંસી રહ્યાં છે.



**શ્રી ઉત્સવભાઈ પરીખ**
શ્રીમદ્જીની યુગ દૃષ્ટિને અભિનંદી રહ્યાં છે.

---

# સુધારો

પુણ્ય સ્મૃતિ અંક (જુન) માં પ્રગટ થયેલ THE JAIN PROPHET નામનો અંગ્રેજ લેખ **શ્રીયુત મણીલાલ એચ.** ઉદાણી એડવોકેટે લખ્યો હતો.



કુ. પદ્માબેન ફડીયા
શ્રીમદ્જીના સાહિત્યને આવકારી રહ્યાં છે.



સભાની બોલતી તસ્વીર.



આ પ્રસંગને સફળ બનાવનાર યુવાન કાર્યકરોનું જુથ જમણી બાજુ ચશ્માવાળા, હાથ જોડીને ઊભા છે તે **શ્રી લાલભાઈ ડાહ્યાભાઇ નરોડાવાળા** છે.



જમણી બાજુ હાથ જોડી ઊભા રહેલા, આ પ્રસંગની સંગીત ધૂન સંભાળનાર, માધમ મંડળવાળા **શ્રી શાંતિલાલ મોતીલાલ** પટેલ છે.

(આ તમામ તસ્વીરો **શ્રી ભોગીભાઈ શાહ**, ફેવરીટ ફોટો હાઉસ અમદાવાદે પાડી છે.

માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : " જૈન વિજય " પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક—સુરત.

તસ્વીરકાર :-અરવીંદ શાહ



પંચાસરા
પાર્શ્વનાથ દેરાસરના
સ્તંભનું શિલ્પ
( પાટણ )

# હઠીસીંગનું દેરાસર

ગુજરાતનું ગૌરવ



ફોટો-શ્રી રમેશ સી. શાહના સૌજન્યથી.

અમદાવાદ

કવર છપાઇ : ઉષા પ્રિન્ટરી (પ્રા.) લી. પ્રીન્સેસ સ્ટ્રીટ, [illegible]-૨.